પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૭૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૧-૦૩-૨૦૨૩ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## જાપાનના PM ફુમિયો કિશિદા સાથે વડાપ્રધાન મોદીએ દ્વિપક્ષીય બેઠક યોજી

# ભારત અને જાપાન વચ્ચે એકસાથે હથિયાર બનાવવા સહિત અનેક મુદ્દાઓ પર મહત્વપૂર્ણ વાતચીત થઈ

નવીદિલ્હી,

જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદા સોમવારે બે દિવસની ભારત મુલાકાતે આવ્યા હતા. નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસની બહાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમનું સ્વાગત કર્યું હતું. આ પછી બંને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય વાતચીત થઈ હતી. આ દરમિયાન ભારત અને જાપાન વચ્ચે એકસાથે હથિયાર બનાવવા સહિત અનેક મુદ્દાઓ પર વાતચીત થઈ હતી.



જાપાનના પીએમ સાથેની વાતચીત બાદ પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે, "વડાપ્રધાન કિશિદા અને હું છેલ્લા એક વર્ષમાં ઘણી વખત મળ્યા છીએ. દરેક વખતે મેં ભારત-જાપાન સંબંધો પ્રત્યે તેમની સકારાત્મકતા અને પ્રતિબદ્ધતા અનુભવી છે. તેથી આજે તેમની મુલાકાત અમારી ઈચ્છા છે. પરસ્પર સહકારની ગતિ જાળવવા માટે ખૂબ જ ઉપયોગી થશે. તેમણે કહ્યું, "આજની અમારી મીટિંગ અન્ય કારણોસર પણ ખાસ છે. આ વર્ષે ભારત G20 અને જાપાન ૭૭ ની અધ્યક્ષતા કરી રહ્યું છે. તેથી આ અમારી સંબંધિત પ્રાથમિકતાઓ અને રુચિઓ પર સાથે કામ કરવાની સંપૂર્ણ તક છે. આજે મેં વડાપ્રધાન કિશિદાને સમજાવ્યું. ભારતની જી૨૦ પ્રેસિડેન્સીની પ્રાથમિકતાઓ. અમારા G20 પ્રેસિડેન્સીનો મહત્વનો સ્તંભ વૈશ્વિક દક્ષિણની પ્રાથમિકતાઓને અવાજ આપવાનો છે."

પીએમ મોદીએ કહ્યું, "ભારત-જાપાન વિશેષ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારી આપણાં સહિયારા લોકતાંત્રિક મૂલ્યો અને આંતરરાષ્ટ્રીય મંચ પર કાયદાના શાસનના આદર પર આધારિત છે. આ ભાગીદારીને મજબૂત બનાવવી એ બંને દેશો માટે મહત્વપૂર્ણ છે, કારણ કે તે ભારતને ફાળો આપશે. પેસિફિક પ્રદેશ." શાંતિ, સમૃદ્ધિ અને સ્થિરતાને પણ પ્રોત્સાહન આપવામાં આવે છે.

પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું, "આજે અમારી વાતચીતમાં અમે દ્વિપક્ષીય સંબંધોમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી. અમે સંરક્ષણ સાધનો અને ટેક્નોલોજી સહયોગ, વેપાર, આરોગ્ય અને ડિજિટલ ભાગીદારી વિશે વાત કરી. અમે સેમિકન્ડક્ટર્સ અને અન્ય નિર્ણાયક તકનીકોમાં વિશ્વસનીય સપ્લાય ચેઈનના મહત્વ વિશે પણ ચર્ચા કરી.

તેમણે કહ્યું, "ગયા વર્ષે અમે આગામી પાંચ વર્ષમાં ભારતમાં રૂ. ૩.૨૦ લાખ કરોડ જાપાનીઝ રોકાણનો લક્ષ્યાંક રાખ્યો હતો. આ દિશામાં સારી પ્રગતિ થઈ છે તે સંતોષની વાત છે. આજે વડાપ્રધાન કિશિદાએ મને આમંત્રણ આપ્યું હતું. મે મહિનામાં હિરોશિમાની મુલાકાત લો. મેં વડાપ્રધાન કિશિદાને આગામી જી૭ લીડર્સ સમિટમાં હાજરી આપવા આમંત્રણ આપ્યું છે. થોડા મહિનાઓ પછી, સપ્ટેમ્બરમાં જી૨૦ લીડર્સ સમિટ માટે મને ફરીથી વડાપ્રધાન કિશિદાનું સ્વાગત કરવાની તક મળશે.મોદી અને જાપાનના વડાપ્રધાન વચ્ચે થયેલી શિખર વાર્તામાં મહત્વની ચર્ચા થઇ છે. જેમાં ભારત જાપાનના સંબંધો વધુ મજબૂત બનશે.મોદી કિશિદાનું મંથનમાં ગુજરાતને ખાસ ફાયદો મળશે.જેમાં મહત્વના બે મુદ્દે સઘન ચર્ચા થઇ જેમાં સેમી કંન્ડક્ટર ટેકનોલોજી અંગે ચર્ચા થઇ, ડિજિટલ પાર્ટનરશીપ અંગે ચર્ચા થઇ તેમજ અમદાવાદ મુંબઇ હાઇ સ્પીડ ટ્રેન અંગે પણ ચર્ચા થઇ હતી. સાથોસાથ અમદાવાદ મુંબઇ વચ્ચેની હાઇ સ્પીડ ટ્રેન પણ ઝડપથી શરૂ થઈ શકશે.

જાપાનના વડાપ્રધાન કિશિદાએ કહ્યું કે તેઓ આજે એક લેક્ચરમાં ફ્રી એન્ડ ઓપન ઈન્ડો-પેસિફિક પર નવી યોજનાની જાહેરાત કરી હતી ભારતીય ભૂમિ પર મારી નવી દ્રષ્ટિને ઉજાગર કરતાં મને ખૂબ જ આનંદ થાય છે કિશિદાએ કહ્યું કે, "ભારત સાથેનો અમારો આર્થિક સહયોગ તેના વધુ વિકાસને સમર્થન આપશે એટલું જ નહીં પરંતુ જાપાન માટે આર્થિક તકો પણ ઉભી કરશે."

આ પહેલા જાપાનની પ્રધાનમંત્રી ફુમિયો કિશિદા સોમાવારે બે દિવસીય ભારતના પ્રવાસે આવી પહોચ્યા હતા. દિલ્હી એરપોર્ટ પર કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરે તેમનું સ્વાગત કર્યુ હતુ. દિલ્હી પહોચ્યા બાદ જાપાની પીએમ કિશિદા રાજઘાટ પહોચ્યા હતા. અને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલી અર્પિત કરી હતી. પીએમ કુમિયો કિશિદાએ રાજઘાટ પર આંગતુક પુસ્તિકા પર પોતાના હસ્તાક્ષર કર્યા હતા અને અંહિયા તેમને મહાત્મા ગાંધીજીની ધારાતી પુસ્તક ભેટ કરવામાં આવી હતી. હાજઘાટ પર જાપાની પીએમ સીધા દિલ્હીના હૈદરાબાદ હાઉસ પહોચ્યા હતા. જ્યાં પ્રધાનમંત્રી મોદીએ તેમનુ સ્વાગત કર્યુ હતુ. બંને પ્રધાનમંત્રીઓના દિલ્હીના બુદ્ધ જ્યંતી પાર્કમાં બોધી વૃક્ષ પર જવાનો પણ કાર્યક્રમ યોજાયો હતો.

# હિંડનબર્ગ રિપોર્ટથી અદાણીની ઊંઘ હરામ થઈ, ગુજરાતનો મહત્વનો પ્રોજેક્ટ પડતો મૂક્યો

નવીદિલ્હી,

હિંડનબર્ગ રિપોર્ટથી અદાણી ગ્રૂપના ગૌતમ અદાણીની ઊંઘ હરામ થઈ ગઈ છે. આ રિપોર્ટને આવીને લગભગ ૨ મહિના થઈ ગયા છે. તેની અસર હજી પણ આ મોટા ગ્રૂપ પર દેખાઈ રહી છે. તેની અસર ઓછી કરવા માટે અને ઈન્વેસ્ટર્સનો ભરોસો જીતવા માટે અનેક મોટા નિર્ણયો લઈ રહ્યું છે. ત્યારે અદાણી ગ્રૂપે તેમનો વધુ એક મોટો પ્રોજેક્ટ બંધ કરવાનો નિર્ણય લીધો છે. તેમણે પેટ્રોકેમિકલ પ્રોજેક્ટ બંધ કરવાનો નિર્ણય લીધો છે. આ પ્રોજેક્ટ ગુજરાત સાથે જોડાયેલો છે. હિંડનબર્ગ રિપોર્ટ બાદથી અદાણ ગ્રૂપને મોટું નુકસાન થયું છે. રિપોર્ટ આવ્યા બદાથી ઈન્વેસ્ટર્સનો ભરોસે અદાણી એન્ટરપ્રાઈઝ પરથી ઓછો થવા લાગ્યો છે. પરિણામે અદાણીના શેર તૂટવા લાગ્યા છે. આ સમસ્યાઓથી લડવા માટે અદાણી ગ્રૂપ અનેક મોટા નિર્ણયો લઈ રહ્યું છે, જેના માધ્યમથી ઈન્વેસ્ટર્સનો ભરોસો ફરીથી જીતી શકાય. જેથી અદાણી ગ્રૂપે ગુજરાતના મુન્દ્રામાં ૩૪,૫૦૦ કરોડ રૂપિયાના પેટ્રોકેમિકલ પ્રોજેક્ટનું કામ બંધ કરી દીધું છે. તેના બદલે ગ્રૂપ પોતાના ઓપરેશનને કન્સોલિડેટ કરવા અને ઈન્વેસ્ટર્સની ચિંતા દૂર કરવા પર ફોકસ કરી રહ્યું છે. અદાણી ગ્રૂપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝે વર્ષ ૨૦૨૧ માં સબસિડરી મુન્દ્રા પેટ્રોકેમની શરૂઆત કરી હતી. જેથી અદાણી પોર્ટ અને સેઝની જમીન પર કોલ ટુ પીવીસી પ્લાન્ટ લગાવવામા આવે. આ પ્લાન્ટ ગુજરાતના કચ્છમાં છે. પરંતું હિંડનબર્ગની રિપોર્ટને કારણે અદાણી ગ્રૂપને પોતાનો આ પ્રોજેક્ટ કેન્સલ કરવો પડી રહ્યો છે. અદાણી ગ્રૂપે હિંડનબર્ગના તમામ આરોપોને નકારી કાઢ્યા છે. હાલ ઈન્વેસ્ટર્સના રૂપિયા પરત કરવા, ઓપરેશનને કન્સોલિડેટ કરવા પર ફોકસ કરવામાં આવી રહ્યું છે. આ પ્રક્રિયા અંતર્ગત કેશફ્લો અને હાલના ફાઈનાન્સનું આકલન કરવામાં આવી રહ્યું છે. આ જ કારણ છે કે હવે મુન્દ્ર પ્રોજેક્ટને આગળ વધારવાનો કંપનીનો કોઈ પ્લાન નથી. ગ્રૂપે એક મેઈલ મોકલીને મુન્દ્ર પેટ્રોકેમ લિમિટેડના ગ્રીન પીવીસી પ્રોજેક્ટ સાથે જોડાયેલ તમામ કામને આગામી નોટિસ સુધી તાત્કાલિક પ્રભાવથી બંધ કરવાનું કહ્યું છે. કંપની આંકલન કરી રહી છે કે, કયા પ્રોજેક્ટને ચાલુ રાખવાનો છે, અને કયા ટાઈમલાઈમને રિવાઈઝ કરવાની જરૂર છે.

# દિલ્હી અને મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમણ વધતા તંત્ર સાબદુ થયુ

નવીદિલ્હી,

એચ૩એન૨ ઈન્ફ્લ્યુએન્ઝા વાયરસ વચ્ચે કોરોના વાયરસે ફરી એકવાર પોતાની રફતાર વધારી છે. રવિવારે જાહેર કરાયેલા રિપોર્ટ અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં રાજધાની દિલ્હીમાં ૭૨ અને મહારાષ્ટ્રમાં ૨૩૬ નવા કેસ નોંધાયા છે. દિલ્હી હેલ્થ ડિપાર્ટમેન્ટ તરફથી જાહેર કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કોરોના સંક્રમણ દર વધીને ૩.૯૫ ટકા થઈ ગયો છે.

રિપોર્ટ્સ અનુસાર,બંને રાજ્યોમાં સરકારોની સાથે લોકોએ પણ સતર્ક રહેવું પડશે. આપને જણાવી દઈએ કે,દિલ્હીમાં ૧૮૨૪ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.જેમાં ૭૨ કેસ પોઝિટિવ મળી આવ્યા. જો કે રાહતની વાત એ છે કે એક પણ દર્દીનું કોરોનાને કારણે મૃત્યુ થયું નથી. મહારાષ્ટ્રમાં ૩,૮૩૪ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને ૯૨ દર્દીઓ સાજા થયા છે.

દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૧૮૨૪ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાં કોરોનાના ૭૨ નવા કેસ આવ્યા અને કોરોના સંક્રમણનો દર વધીને ૩.૯૫ ટકા થઈ ગયો છે. તો ૫૩ દર્દીઓ સાજા થયા હતા, જો કે કોરોનાને કારણે કોઈ દર્દીનું મોત થયુ નથી. તમને જણાવી દઈએ કે છેલ્લા દિવસે એટલે કે ૧૮ માર્ચે કોરોનાના ૫૮ નવા કેસ સામે આવ્યા અને કોરોના સંક્રમણ દર વધીને ૩.૫૨ ટકા થઈ ગયો. હવે દિલ્હીમાં હાલમાં કોરોનાના કુલ ૨૦૯ સક્રિય કેસ છે, જેમાંથી ૧૩૦ દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે અને ૭ દર્દીઓ હોસ્પિટલમાં દાખલ છે.

મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩,૮૩૪ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં કોરોનાના ૨૩૬ નવા કેસ સામે આવ્યા છે. તો સાથે જ ૯૨ દર્દીઓ સાજા થયા છે. મહારાષ્ટ્રમાં હવે કુલ ૧,૩૦૮ સક્રિય કેસ છે જેમાં મૃત્યુ દર અને રિકવરી રેટ અનુક્રમે ૧.૮૨ ટકા અને ૯૮.૧૬ ટકા છે.

જો વિગતે વાત કરીએ તો મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કુલ કોરોના કેસ ૮૧,૩૯,૭૩૭ નોંધાયા છે. તો અત્યાર સુધીમાં ૮,૬૫,૪૬,૭૧૯ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. તો સાથે કોરોનાને કારણે ૧,૪૮,૪૨૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. અને ૭૯,૯૦,૦૦૧ લોકો કોરોનાને મ્હાત આપીને ઘરે પરત ગયા છે.



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# વિશ્વ ચકલી દિવસે મહીસાગર વનવિભાગ અને પક્ષીપ્રેમી સંસ્થાનો અનોખો પ્રયાસ



મહિસાગર,
૨૦ મી માર્ચ એટલે ચકલી દિવસ,આપણા આંગણાનું પક્ષી ગણાતાં ચકલીઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ત્યારે ચકલીઓના સંરક્ષણ તથા રહેઠાણને સુરક્ષિત રાખવા અને ઈકોલોજીકલ સિસ્ટમ સંતુલિત રાખવા ચકલીઓના લુપ્ત થવાની ઘટનાને રોકવી ખુબ જરૂરી છે. આ ઉપલક્ષમાંઆજે વિશ્વ ચકલી દિવસ નિમિત્તે મહીસાગર વનવિભાગ અને મહીસાગર એડવેન્ચર નેચર ફાઉન્ડેશન દ્વારા ૪૦૦૦ થી વધુ ચકલીના માળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. વનવિભાગના અધિકારીઓ અને ફાઉન્ડેશનના મિત્રો દ્વારા અવરજવર કરતા લોકોને ચકલીઘર આપી ચકલીના સંવર્ધન માટે પર્યાવરણ પ્રેમીઓને અપીલ કરવામાં આવી, સાથે સાથે એક કુત્રિમ ઘર વડે ચકલી બચાવના કાર્યમાં આપણે કેવી રીતે યોગદાન આપી શકીએ તે અંગે લોકોને માર્ગદર્શિત કરાયા. ચકલીને લુપ્ત થતી અટકાવવા તેના સંરક્ષણ, સંવર્ધન માટે ચકલીઘર મૂકવાની અતિ જરૂરિયાત છે. ચકલીને ઝાડ પર પોતાની જાતે માળો બનાવતા આવડતું નથી. જેથી ચકલી માળો બનાવતી નથી અને તેમને અન્ય પક્ષીઓએ બનાવેલ માળા કે એવી જગ્યાનો ઉપયોગ કરવો પડે છે. ત્યારે આ કૃત્રિમ ચકલીઘર મૂકી ચકલીને બચાવી શકાય છે.

નેચર ફાઉન્ડેશન પ્રમુખ મયુર પ્રજાપતિએ જણાવ્યું હતું કે, તેમની સંસ્થા વન વિભાગ સાથે મળીછેલ્લા ૬ વર્ષથી દર વર્ષે બે હજારથી વધુ કૃત્રિમ માળાનું વિતરણ કરી રહી છે. ચકલીઓ આ માળામાં આવનજાવન કરતી થઈ છે, તે જોઈ પંખી અને પ્રકૃતિ પ્રેમીઓમાં પણ ખુશી જોવા મળે છે.આ કૃત્રિમ ચકલીઘરના આજે સારા પરિણામો જોવા મળી રહ્યા છે. લોકો વન વિભાગ અને નેચર કલબનેઆ ફોટાઓ શેર પણ કરતા હોય છે અને લોકોનો આ પ્રેમ જોઈ અમને આ ક્ષેત્રે સતત વધારે સારૂં કાર્ય કરવાની પ્રેરણા મળતી રહે છે, તેના પરિણામ સ્વરૂપે આજે છઠ્ઠા વર્ષે પણ ૪૦૦૦થી વધુ ચકલીઘર વિતરણ કરવામાં આવ્યા છે. લોકોમાં ચકલી પ્રત્યે જાગૃતતા અને પ્રેમ વધ્યો છે. એક અપીલ તરીકે આપણે બધા સહભાગી બનીને આ નાનકડા જીવનું રક્ષણ કરી તેનું અસ્તિત્વ બની રહે તેવા પ્રયત્ન કરીએ અને ચકલીને વારસા રૂપે બચાવી આવનારી પેઢીને સમર્પિત કરીએ.

# બાલાસિનોરના ખેડુતો દ્વારા ડમ્પિંગ સાઈટ બંધ કરાવવા વર્ષોથી પરીશ્રમ

બાલાસિનોર,
બાલાસિનોર તાલુકામાં બોડોલી ગ્રામ પંચાયત સીમમાં આવેલ કાર્યરત મેસર્સ મોર્યા પ્રાઈવેટ એન્વાયરન્મેન્ટ કંપની દ્વારા અન્ય શહેરોમાંથી રોજની ૧૫ થી ૨૦ ટ્રક ભરીને વેસ્ટ કેમિકલ ડમ્પ ઠાલવે છે. જેથી પંચાયતની ભુસ્તર, જળસ્તર અને હવા સાથે માનવજીવન પર અસર પ્રવર્તે છે. આ બાબતે ખેડુતો દ્વારા ૭ થી ૮ વર્ષથી સંઘર્ષ ચાલી રહ્યો છે. જેમાં જાન્યુઆરીમાં બાયડ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ આ કંપની બંધ કરવા મુખ્યમંત્રીને લેખિતમાં રજુઆત કરી હતી. જેમાં જમીયતપુરાની સીમમાં મેસર્સ મોર્યા પ્રો.પ્રા.લિ.કંપની દ્વારા અનેક પ્રકારે માનવ, પશુ–પક્ષી, જમીન, હવા–પાણી વગેરેનુ દિનપ્રતિદિન પ્રદુષણ વધતુ જવાથી અનેક પ્રકારે નુકસાન થાય છે. તેમજ આ કંપનીની હદથી એસ.એસ.સી.કવોરિની આશરે ૯૦૦ વિઘા ઉપરાંતની જમીનમાં ૨૫ થી ૩૦ ફુટ ઉંડી નાની–મોટી અનેક માઈલ્સ ભરાવાથી જમીનમાં રિચાર્જ થાય છે. આજુબાજુના ૧૦ કિ.મી.ના વિસ્તારમાં આવેલ જમીનના બોર કુવામાં પાણી જળવાય રહે છે.

# આપણે તો બસ ભાઈ મોજમાં રહીએ

સુખ રૂપી સાગરમાં મનભરી તરીએ,
તો પછી બેડલાનો ભાર કેમ લઈએ?
આપણે તો બસ ભાઈ મોજમાં રહીએ......

જીર્ણ પહેલાં જીવતરની મજા છે નીરાળી,
તો પછી જીવનને જોમથી ભરી દઈએ,
આપણે તો ભાઈ મોજમાં રહીએ......

દુર્લભ અને ક્ષણિક મળેલા જીવનમાં,
તો પછી કર ભલા હો ભલા કેમ ન કરીએ?
આપણે તો બસ ભાઈ મોજમાં રહીએ.....

આપણે તો ખુશ છે હુન્ડાય ગાડીમાં,
તો પછી મર્સિડીઝ જોઈ કેમ બળીએ,
આપણે તો બસ ભાઈ મોજમાં રહીએ....

મતલબી આ દુનિયાની ભીડમાં રહેવું પડે,
તો પછી માનસિક સ્થિરતા કેમ ખોય દઈએ?
આપણે તો બસ ભાઈ મોજમાં રહીએ

ભૌતિક સુખોનો મોહ નથી કરવો,
તો પછી પ્રત્યેક ક્ષણમાં બાળક બની રહીએ,
આપણે તો બસ ભાઈ મોજમાં રહીએ

અમૂલ્ય આ જીવનની મોલ સમજીલે "નિયતી",
તો પછી ઈશ્વરનો આભાર વ્યક્ત કરીએ,
આપણે તો બસ ભાઈ મોજમાં રહીએ


જીજ્ઞા કપુરીયા (નિયતી)

# સંતરામપુરના નાની સરસણ પ્રા.શાળામાં વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરાઈ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
તા..૨૦મી માર્ચ વિશ્વ ચકલી દિવસની નાનીસરસણ પ્રાથમિક શાળામાં ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી. પ્રાર્થના સભામાં જાણીતા કવિ અને પર્યાવરણ પ્રેમી મનહરભાઇ પંચાલ ના પ્રમુખ સ્થાને ઉજવણી થઇ. પ્રકૃતિ પ્રેમી અને વન્ય જીવરક્ષક યુવાન કાર્યકર મયુર પ્રજાપતિની ટીમ મારફતે ચકલી માળા અત્રેની પ્રાથમિક શાળામાં ભેટ આપવામાં આવ્યા. સુંદર આકર્ષક ચકલી માળાઓને નિહાળી બાળકોમાં કૌતુક પ્રગટતું જોવા મળ્યુ. પ્રાર્થના સભાને ચકલી દિન ઉજવણીમાં પરિવર્તિત કરતાં આચાર્ય દિનેશ જે. પટેલ દ્વારા ચકલી દિન શા માટે તે વિશે બાળકોને વાકેફ કર્યા અને પ્રમુખ મનહરભાઇને તેમની કવિ વાણી આરંભ કરવા આહ્વાવાન કર્યુ હતું. મનહરે તેમના પ્રવચનમાં ચકલીને લાડ લડાવી લાક્ષણિકતાઓ રજુ કરી હતી. પ્રત્યેક કડી પછી ચીં...બોલવાની બાળકોને મઝા આવી હતી. હાલ ચકલી પરના જોખમો વિશે પણ માહિતી આપી હતી. ચકલી ચુમ્માલીસીની રચના દ્વારા રોચક અને પ્રેરક માહિતિ સી.આર.સી.કો.ઓ.રમેશભાઇ પટેલ દ્વારા મળી. સભાને ચકલીના માળામા શાળા ઉદ્યાનમાં વિવિધ રીતે લટકાવ્યા હતા.અત્રે પરબ માં ચકલી માળાને લટકાવી પ્રસંગને યાદગાર કરવા પ્રયત્ન કરતા મનહર પંચાલ.

# બાલાસિનોર એકતા ચેરીટેબલ ટ્રસ્ટને ભારતભૂષણ સેવા રતન એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યું

બાલાસીનોર,
દિલ્હી ખાતે યોજાયેલા ભારત ભૂષણ એવોર્ડ, રાષ્ટ્રીય સન્માન કાર્યક્રમ યોજાયો. જેમાં બાલાસિનોર એક્તા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા થતી સેવાકિય પ્રવૃત્તિઓ Covind-19 ના સમયગાળામાં દિવ્યાંગોને માસ્ક બનાવવાનું કામ આપ્યું તેમજ Covind-19 કોરોના હોસ્પિટલ શરૂ કરવામાં આવ્યું.૧૫ હાથ લારીનો વિતરણ કરવામાં આવ્યું. ૧૦ સાયકલનું વિતરણ કરવામાં આવ્યું. એકતા ચેરીટેબલ ટ્રસ્ટની વિવિધ સેવાકીય કાર્યને લઈને રાષ્ટ્રીય સન્માન ભારત ભૂષણ સેવા રત્ન એવોર્ડ (National Award) થી


એકતા ચેરીટેબલ ટ્રસ્ટ બાલાસિનોરને દિલ્હી ખાતે સન્માનિત કરવામાં આવ્યું.

અખંડ ભારતીય રાષ્ટ્રીય સેવા દલ (શ્રીમદ્દ નારાયણ ફાઉન્ડેશન)ના રાષ્ટ્રીય અદયક્ષ પ્રવીણસિંહજી સિંધા અને તેમની સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ એવોર્ડ સમારંભમા ગુજરાત તેમજ અલગ અલગ રાજ્યો માંથી સેવાભાવી સંસ્થાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ત્યારે એકતા ચેરીટેબલ ટ્રસ્ટના રિયાઝ શેખ દ્વારા જણાવ્યું હતું કે, આ સન્માન મારૂં નહિ એક્તા ચેરીટેબલ ટ્રસ્ટ બાલાસિનોર પરિવાર ટીમનું છે. આપ સર્વ જ્ઞાતિ, સર્વ સમાજ, સર્વ ધર્મના લોકોનું છે. જેને અમને આ સેવાકીય પ્રવૃતિઓમાં તન, મન, થી સાથ સહકાર આપ્યો છે. તેમનું છે...આપ સૌનું છે અને તેઓએ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કોરોનાની પોલીસી છતાં નાણાં નહિ ચુકવતી ઈન્સ્યોરન્સ કંપનીને સારવારના નાણાં ચુકવવા ગ્રાહક કોર્ટનો આદેશ

હાલોલ,
હાલોલના રહિશના પિતાની કોરોનાની સારવારના કલેઈમના નાણાં ચુકવવા ગલ્લા તલ્લા કરતા પંચમહાલ ગ્રાહક કોર્ટમાં આ બાબતનો કેસ કરતા કોર્ટે ગ્રાહકને સારવારના ખર્ચના નાણાં વ્યાજ સહિત ચુકવવા ઈન્સ્યોરન્સ કંપનીને હુકમ કર્યો છે.

હાલોલની રણછોડ નગર સોસાયટીમાં રહેતા ડો.ધર્મેશ વરીયાએ પરિવારના સભ્યો માટે ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ કંપનીની કોરોના કવચ પોલિસી વર્ષ–૨૦૨૦/૨૧માં લીધી હતી. તેમના પિતા જયંતિલાલ મંગળદાસ વરીયા(ઉ.વ.૬૪)ને તા.૦૭/૦૪/૨૦૨૧ના રોજ કોરોનાના લક્ષણો જણાતા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા. તેમની સારવારનો કુલ ખર્ચ ૮૧,૫૪૧/–થયો હતો જે માટે તેમણે ઈન્સ્યોરન્સ કંપનીમાં સારવારના નાણાં મેળવવા માટે કલેઈમ કર્યો હતો. પરંતુ કંપનીએ આર.ટી.પી.સી.આર.રિપોર્ટ નેગેટિવ હોઈ તેમજ સિટી સ્કોર ૮થી ઓછો હોવાનુ ટેલિફોનીક જણાવી કલેઈમના નાણાં ચુકવવા ગલ્લા તલ્લા કરતા ધર્મેશભાઈએ પંચમહાલ ગ્રાહક તકરાર નિવારણ કમિશન–ગોધરા ખાતે ફરિયાદ દાખલ કરી હતી. જેમાં કેસ ચાલી જતા ગ્રાહક કોર્ટે ઈન્સ્યોરન્સ કંપનીને ગ્રાહકના સારવાર રૂ.૮૧,૫૪૧/–અરજી કર્યાની તારીખથી ૬ ટકા વ્યાજ સહિત બે માસમાં ચુકવી આપવા તેમજ માનસિક ત્રાસ ખર્ચ ૨૦૦૦ તથા કાનુની ખર્ચ ૨૦૦૦મળી કુલ ૪૦૦૦ પણ ચુકવી આપવાનો હુકમ કર્યો હતો.

# મહીસાગર જિલ્લાના વીરપુરમાં જમઝર અન્નક્ષેત્ર ખાતે મોહનથાળના મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યો


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,
વિરપુર તાલુકાના પોટા રસુલપુર હરસિધ્ધિ ટ્રસ્ટ સંલગ્નમાં જમઝર મંદિર અન્નક્ષેત્ર ખાતે મોહનથાળના મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું. તેમજ માં અંબાના દરબારમાં મોહનથાળનો પ્રસાદ બંધ કરીને ચીક્કીનો પ્રસાદ ચાલુ કરવામાં આવતા સમસ્ત અંબાજી ટ્રસ્ટના ભાવિભક્તોની ધાર્મિક લાગણી દુભાતા વિરોધનો વંટોળ ઉભો થતા નારાજગી સામે આવતા મંદિરના ગર્ભગૃહમાં આગ લાગવાના બનાવો, તેમજ માતાજી કોપાયમાન થતા ધજા ફાટવાની વિગતો સોશ્યલ મીડિયામાં વાયરલ બનવાની જેવા માઁ અંબાના અવનવા પરચાના સંકેત સામે આવતા સંક્તિનું પ્રાયશ્ચિત કરીને વિરપુર તાલુકાના પોટા જમઝર મંદિર અન્નક્ષેત્રના દાતા પ્રજાપતિ રાજુભાઈ તેમજ જમઝર અન્નક્ષેત્ર સેવા સમિતિ દ્વારા સુઘડ અને સુચારૂ આયોજનના ભાગરૂપે માઁ જમઝરની પૂજા અર્ચના કરી મોહનથાળના મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું. જેમાં ક્ષત્રિય સમાજ બાલાસિનોરના યુ.કે.ઠાકોર એન્જીનીયર્સ, કેતનસિંહ જાલા યુવા મોરચા પ્રમુખ મહીસાગર જિલ્લો, સાલમસિંહજી ખાંટ ક્ષત્રિય સમાજના પ્રમુખ, રાઘુસિંહજી પૂર્વ ડિરેક્ટર અમૂલ તેમજ એસ.બી.ખાંટ, નટુભાઈ, જવાનસિંહ, પ્રદીપભાઈ તેમજ યુવા સમાજસેવકો, તેમજ હોદ્દેદાર ઓ અગ્રણીઓએ હાજરી આપી. જેમાં ક્ષત્રિય સમાજ સમૂહ લગ્નોત્સવ, ૭/૫/૨૦૨૩ ના રોજ યોજાનાર હોઈ જે નિમિત્તે, વધુ યુગલો જોડાય તેવી પણ અપીલ કરવામાં આવી અને સમાજમાં ચાલતા કુરિવાજો, વ્યસન મુક્તિ, અને શિક્ષણને પ્રાધાન્ય આપવાના સૂચનો કરવામાં આવ્યા.

# દે.બારીયાના વેડ ખુખરા ગામે પરણિતાને સાસરીયાએ ત્રાસ આપતાં ફરિયાદ

દાહોદ,
દાહોદ જિલ્લાના દેવગઢ તાલુકાના વેડ ખુખરા ગામની એક પરણિતાને તેના પતિ તથા સાસરી પક્ષના લોકો દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ આપતાં આ સંબંધે પરણિતા દ્વારા દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવ્યાંનું જાણવા મળે છે.

દેવગઢ બારીઆ તાલુકાના વેડ ખુખરા ગામે બારણ ફળિયામાં લગ્ન કરાવેલ અને હાલ દેવગઢ બારીઆ તાલુકાના કેલીયા ગામે સુથાર ફળિયામાં પોતાના પિયરમાં રહેતી ૨૮ વર્ષિય પરણિતા હંસાબેન શૈલેષભાઈ ડામોરે દાહોદ મહિલા પોલીસ મથકે નોંધાંવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, તેઓને લગ્ન તારીખ ૨૫.૦૫.૨૦૧૫ના રોજ વેડ ખુખરા ગામે બારણ ફળિયામાં રહેતાં શૈલેષભાઈ ફતેસિંહભાઈ ડામોર સાથે સમાજના રીતી રિવાજ મુજબ થયાં હતાં. લગ્નના થોડા સમય સુધી પતિ તથા સાસરીયાઓ દ્વારા સારૂં રાખ્યાં બાદ તેઓનું પોત પ્રકાશ્યું હતું અને હંસાબેનના પતિ શૈલેષભાઈ દ્વારા બીજી પત્નિ લાવવાનું કહી, અવાર નવાર મારઝુડ કરી શારિરીક તેમજ માનસીક ત્રાસ આપતો હતો. ત્યારે સાસરી પક્ષના રેવલીબેન ફતેસીંગભાઈ ડામોર, બળવંતભાઈ ફતેસિંગભાઈ ડામોર, સુરેખાબેન બળવંતભાઈ ડામોર, પ્રવિણભાઈ ફતેસિંગભાઈ ડામોર અને સંદ્યાબેન પ્રવિણભાઈ ડામોર દ્વારા પરણિતા હંસાબેનને મેણા, ટોણા મારી એકબીજાની ચઢામણી કરી, શારિરીક અને માનસીક ત્રાસ આપતાં આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતા હંસાબેન શૈલેષભાઈ ડામોરે દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમારી ગવર્મેન્ટ બનવા પર દરેક ગ્રેજ્યુએટને મહિને ૩ હજાર રૂપિયા આપીશું : કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી

બેંગ્લુરૂ,
રાહુલ ગાંધીએ સોમવારે કર્ણાટકના બેલગાવીમાં કહ્યું હતું કે 'કર્ણાટક સરકાર દેશની સૌથી ભ્રષ્ટ સરકાર છે, કોઈપણ કામ કરાવવું હોય તો ૪૦% કમિશન દેવું પડતું હોય છે. આ દેશ કોઈ એકનો નથી, અદાણીનો નથી. દેશ ગરીબો અને કિસાનોનો છે.' રાહુલે અહીંથી કોંગ્રેસના યુવા ક્રાંતિ સમાગમનો શુભારંભ કર્યો હતો. આ પહેલાં એક રેલીમાં રાહુલે કહ્યું હતું કે 'સરકાર આવવા પર જીઝ રિઝર્વેશનને ૧૫થી વધારીને ૧૭% કરી દઈશું. જ્યારે એસટી રિઝર્વેશનને ૩થી વધારીને ૭% કરી દઈશું. સાથે જ ૩ વર્ષ સુધી દરેક ગ્રેજ્યુએટને મહિને ૩ હજારી રૂપિયા આપીશું.' તમને જણાવી દઈએ કે મે મહિનામાં કર્ણાટક વિધાનસભાની ચૂંટણી યોજાવવાની છે.



રાહુલે વધુમાં કહ્યું હતું કે 'હું જ્યારે ભારત જોડો યાત્રા દરમિયાન અહીંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે મને જણાવવામાં આવ્યું હતું કે કર્ણાટકની સરકાર યુવાઓને રોજગાર આપી નથી શકતી. આ પ્રદેશમાં યુવાઓને રોજગાર નથી મળી રહ્યો, પછી કોઈપણ ડિગ્રી લઈ લો, કર્ણાટકની સરકાર યુવાઓને રોજગાર નથી આપી શકતી.' અહીં કોઈ કામ કમિશન વગર નથી થતું. સરકારના ૪૦% કમિશન લેવાની ફરિયાદ કોન્ટ્રેક્ટર એસોસિયેશન અને સ્કૂલ મેનેજમેન્ટે વડાપ્રધાનને ચિઠ્ઠી લખીને કરી હતી, પરંતુ વડાપ્રધાને તેમની ચિઠ્ઠીનો જવાબ પણ આપ્યો નથી. અહીં એમએલએનો પુત્ર ભ્રષ્ટાચારમાં પકડાય છે, પરંતુ સરકાર તેમની રક્ષા કરી લે છે. ભ્રષ્ટાચારનો પૂરેપૂરો ફાયદો ૨-૩ લોકોને થાય છે.

કોંગ્રેસે કર્ણાટકના યુવાનોને બેરોજગારી ભથ્થા આપવા માટે ચોથી ગેરંટી યુવા નિધિની જાહેરાત કરી છે જે હેઠળ બેરોજગાર સ્નાતક યુવાનો માટે ૨ વર્ષ માટે ૩,૦૦૦ રૂપિયાની નાણાંકીય સહાયતા આપવામાં આવશે અને બેરોજગાર ડિપ્લોમાં હોલ્ડર્સને ૧૫૦૦ રૂપિયાની નાણાંકીય સહાયતા આપવામાં આવશે આ ઉપરાંત ગૃહ જયોતિ યોજના હેઠળ તમામ ધરો માટે દર મહીને ૨૦૦ યુનિટ મફત વિજળી આપશે આ ઉપરાંત ધરની પ્રત્યેક મહિલા વડા માટે ૨૦૦૦ રૂપિયા દર મહીને અને પરિવારના પ્રત્યેક સભ્યો માટે ૧૦ કિલોગ્રામ ચોખા આપવાની અન્ના ભાગ્ય યોજનાની જાહેરાત કરી હતી અને હવે કોંગ્રેસે કર્ણાટકના બેરોજગાર યુવાઓ માટે કલ્યાણ માટે યુવા નિધિની જાહેરાત કરી.રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે ભારત જોડો યાત્રાને સમગ્ર દેશમાં એક સંદેશ આપ્યો છે કે આ દેશ બધાનો છે ફકત બે ત્રણ લોકોનો નથી આ દેશ ફકત અદાણીજીનો નથી આ દેશ કિસાનો,ગરીબોના યુવાનોનો દેશ છે

કર્ણાટક વિધાનસભા ચૂંટણીને લઈને શુક્રવારે કોંગ્રેસની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક યોજાઈ હતી. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મુખ્યાલયમાં યોજાયેલી બેઠકમાં પાર્ટીએ ચૂંટણીમાં કોઈની સાથે ગઠબંધન નહીં કરવાનો નિર્ણય લીધો છે. એસડીપીઆઇ સાથે ગઠબંધનના સવાલ પર કર્ણાટક કોંગ્રેસના અધ્યક્ષ ડીકે શિવકુમારે કહ્યું હતું કે 'અમે કોઈની સાથે ગઠબંધન કર્યું નથી. અમે એકલા આવ્યા છીએ, અમે એકલા લડીશું અને જીતીશું.' સીઈસીની બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી પણ હાજર હતા. કોંગ્રેસના નેતાઓએ દાવો કર્યો છે કે પાર્ટી કર્ણાટકમાં ૨૨૪માંથી લગભગ ૧૫૦ સીટો જીતશે. કર્ણાટક શિવકુમારના ભાઈ ડીકે સુરેશનું નામ પણ કોંગ્રેસના ઉમેદવારોની યાદીમાં આવી શકે છે. ડીકે સુરેશ હાલમાં રાજ્યમાં કોંગ્રેસના એકમાત્ર સાંસદ છે.

પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું હતું કે 'મને લાગે છે કે હવે આખું રાજ્ય શાસન સાથે નવી સરકારની શોધમાં છે. કર્ણાટક આ દેશનું સૌથી ભ્રષ્ટ રાજ્ય બની ગયું છે. તેથી ૧૩૦૦થી વધુ ઉમેદવારોએ ચૂંટણી માટે અરજી કરી છે. આ તમામ પક્ષના મુખ્ય દાવેદાર છે, પરંતુ આ તમામને ટિકિટ આપવી શક્ય નથી.' શિવકુમારે વધુમાં કહ્યું હતુ કે 'રાજ્યમાં માત્ર ૨૨૪ વિધાનસભા સીટો છે. ગત ચૂંટણીમાં જેમને ટિકિટ મળી નહોતી તે તમામને અમે તક આપીશું. અમે ઈચ્છીએ છીએ કે યુવા પેઢી અને વધુને વધુ મહિલાઓને તક આપવામાં આવે.'

આ વખતે કોંગ્રેસ રાજ્યમાં ૧૫૦થી વધુ બેઠકો જીતવાના લક્ષ્ય સાથે ચૂંટણીની રણનીતિ તૈયાર કરી રહી છે. ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીને માત્ર ૭૮ બેઠકો મળી હતી. જ્યારે જેડીએસને ૩૭ બેઠકો મળી હતી. તો, ભાજપે ૧૦૪ બેઠકો જીતી હતી, પરંતુ ૨૨૪ વિધાનસભાની સીટોમાં કર્ણાટકમાં ૧૧૩ના બહુમતના આંકડાથી ૯ સીટ ઓછી રહી ગઈ હતી.

દરમિયાન સુત્રોના જણાવ્યા અનુસાર માર્ચના અંતિમ અઠવાડીયામાં ચુંટણીની તારીખો જાહેર થઇ શકે છે.તાજેતરમાં જ મુખ્ય ચુંટણી કમિશ્નર રાજીવકુમાર ત્રણ દિવસના કર્ણાટકના પ્રવાસ પર હતાં.તે વિધાનસભા ચુંટણીની તૈયારીઓની સમીક્ષા કરવા પહોંચ્યા હતાં.મુખ્ય ચુંટણી કમિશ્નરે કહ્યું કે કર્ણાટક વિધાનસભાનો કાર્યકાળ ૨૪ માર્ચ ૨૦૨૩ સુધીનો છે.તે પહેલા રાજયમાં વિધાનસભા ચુંટણી થશે કર્ણાટક વિધાનસભામાં કુલ ૨૨૫ બેઠક છે ગત ચુંટણીમાં કોંગ્રેસને ૭૮ અને ક્ષેત્રીય પાર્ટી જેડીએસને ૩૭ બેઠકો મળી હતી.

# આપની આજ.......

મેષ : આજે વેપારના ક્ષેત્રમાં મનને સાનુકૂળ લાભ મળતા આનંદ થશે. પિતા સાથે મળીને તમે વ્યવસાય બદલવા અને નવો વ્યવસાય શરૂ કરવાની યોજના બનાવશો. આર્થિક સ્થિતિ આજે પહેલાં કરતા વધુ મજબૂત બનશે.

વૃષભ : શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ માટે વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ રહી છે. બુદ્ધિશાળી ભાષણ દ્વારા વ્યાવસાયિક વિવાદોના સમાધાનમાં સફળ થશો. આ સાથે તમને સમાજમાં વિશેષ આદર મળશે.

મિથુન : બીજાની મદદ કરવામાં તમને આનંદ મળશે, તેથી તમારો દિવસ દાનમાં વિતાવશો. કમ્યુનિકેશન મીડિયાના ઉપયોગ દ્વારા વ્યાવસાયિક સિદ્ધિઓ પ્રાપ્ત થશે.

કર્ક : પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે. ભાઈ-બહેન દ્વારા લાભની સ્થિતિ સર્જાશે.

સિંહ : રોજગાર ક્ષેત્રે તમારી ક્ષમતાઓમાં સુધારો કરીને તમને નવી તકો મળશે. તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે અને સંપત્તિ, માન, ખ્યાતિ વધશે.

કન્યા : સામાજિક કાર્ય કરવાથી પ્રતિષ્ઠા વધશે. જીવનસાથીનો સંપૂર્ણ સહયોગ મળશે. બહારના ખોરાક પર નિયંત્રણ રાખો, નહીં તો પેટ સંબંધિત ફરિયાદો થઈ શકે છે.

તુલા : પિતાની સહાયથી આર્થિક પ્રગતિ થશે અને સમાજમાં તમારી નવી ઓળખ ઊભી થશે. ધંધામાં પ્રતિસ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને અટકેલા સરકારી કાર્ય પણ મિત્રોની મદદથી પૂર્ણ થશે.

વૃશ્ચિક : પરિવારમાં પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે. કૌટુંબિક સંપત્તિ મેળવવાની પ્રબળ સંભાવના છે. અટકેલા પૈસાની પ્રાપ્તિને કારણે ભંડોળ મજબૂત થશે. ભાઈઓના સહયોગથી વ્યાવસાયિક યોજનાઓને વેગ મળશે.

ધનુ : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. જીવનસાથીનું સ્વાસ્થ્ય અચાનક બગડતા ભાગદોડ અને ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. કોઈ મિલકત ખરીદવા અને વેચતા પહેલા તેના તમામ કાયદારીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો અને જાણકારનો અભિપ્રાય પણ લો.

મકર : આજે ઘરની વસ્તુઓ પર પૈસા ખર્ચ થઈ શકે છે. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે નવી તકો મળશે. સાંસારિક આનંદ માણવાના માધ્યમોમાં વધારો થશે. કાર્યસ્થળે અથવા કોઈ સંબંધીને કારણે તણાવ વધી શકે છે.

કુંભ : પરિવાર સાથે નજીકમાં અને દૂર સુધીની સકારાત્મક યાત્રા પણ થઈ શકે છે. પારિવારિક બિઝનેસમાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે. તમે અન્ય ધંધામાં પણ રોકાણ કરવાની યોજના બનાવી શકો છો.

મીન : સંતાનો સાથે સારો સમય પસાર કરશે. બપોર સુધીમાં ખુશખબર પણ મળશે. તમારા અને તમારા પરિવારના સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. અચાનક કોઈ મહેમાનના આગમનથી આનંદ થશે.

# ઝાલોદ નગર પાલિકાની સમસ્યાઓને લઈ નગરના લોકોનું વહીવટદાર અને ચીફ ઓફીસરને લેખિત રજૂઆત

ઝાલોદ,

ઝાલોદ નગરમાં છેલ્લા કેટલાંક દિવસોથી નગર અનેક અસમસ્યાઓનો સામનો કરી રહેલ છે. તેને લઈ નગરના લોકોએ ભેગા થઈ નગર પાલિકા વહીવટદાર ઝાલાને લેખિતમાં રજૂઆત કરી હતી.

પહેલી સમસ્યામાં નગર પાલિકા દ્વારા વીજ બિલની ચૂકવણી ન કરાતા વીજ કંપની દ્વારા નગરની સ્ટ્રીટ લાઈટની લાઈન કાપી નાખવામાં આવી છે. નગરની સ્ટ્રીટ લાઈટ કપાતા સાંજે ૭ વાગ્યા પછી આખા નગરમાં અંધારપટ છવાઈ જાય છે, તેને લઈ નગરજનોમાં નગર પાલિકાના વહીવટને લઈ નગરજનોમાં આક્રોશ જોવા મળતો હતો. અંધારપટ છવાતાં નગરમાં ચોરીની સમસ્યા ન વકરે તે માટે


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ચિંતિત જણાતા હતા. તેમજ અંધારપટને લીધે મહિલાઓને કામ માટે બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે તેમજ કોઈ ગુનાહિત પ્રવૃત્તિ ધરાવનાર વ્યક્તિ દ્વારા મહિલાઓની સલામતી જોખમાય તેવું પણ બની શકે તે માટે નગરના લોકો દ્વારા વહીવટદારને લેખિતમાં રજૂઆત કરવામાં આવેલ છે.

બીજી રજૂઆતમાં નગરમાં ગેસ એજન્સી દ્વારા ખાડા ખોદવામાં આવેલ છે. તે ખાડા કમોસમી વરસાદને લીધે જોખમી બની ગયેલ છે, તો સત્વરે તે ખાડા ભરવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી હતી.

ત્રીજી સમસ્યામાં હાલ નગરમાં પીવાનું પાણી પ્રદૂષિત આવે છે, તેને લઈ બીમારીઓ નગરમાં ન પ્રસરે તેમજ પ્રદુષિત પાણી કેમ આવે છે. તેનું નિરાકરણ કરવા રજૂઆત કરવામાં આવી હતી.

ચોથી રજૂઆત મુજબ નગરમાં દરેક વિસ્તારમાં રસ્તાઓ નગર પાલિકાની કામગીરીની ચાડી ખાતા જોવા મળે છે. તૂટેલા રસ્તાઓને લઈ કોઈ અકસ્માત કે જાનહાની બનવાના બનાવો બની શકે તે માટે નગરના રસ્તાઓ રીપેરીંગ કરવા માટે માંગણી કરવામાં આવી હતી.

પાંચમી રજૂઆતમાં નગરમાં બસ સ્ટેન્ડ વિસ્તારમાં બનેલ ડિવાઈડરની અધુરી કામગીરી પુરી કરવા રજૂઆત કરાઈ હતી. તેમજ એક બાજુના ડિવાઈડર રોડ આખો ઉખડી ગયેલ જોવા મળી રહેલ છે, તેમજ બીજી બાજુના રસ્તામાં કામોસમી વરસાદ આવતા પાણી ભરાઈ જતાં તે માટે પણ નગરજનો દ્વારા ચોમાસુ આવતા પહેલા ગટર લાઈન બનાવી અપાય તે માટે રજૂઆત કરાઈ હતી. જેથી ચોમાસામાં આ વિસ્તારમાં પાણી ન ભરાય તેમજ વાહન વ્યવહાર ન ખોરંભાય તે માટે સહુની સલામતી માટે મંજુર થયેલ ગટર લાઈન બનાવી આપવામાં આવે તેવી રજૂઆત કરાઈ હતી.

છઠ્ઠી રજૂઆત નગરમાં ચાલતા પાણીના ભૂતિયા કનેક્શન વિશે કરવામાં આવી હતી નગરમાં નગર પાલિકા દ્વારા અપાતા પાણીમાં ગેરકાયદેસર રીતે ભૂતિયા કનેક્શન જેની પાસે હોય તે બધા પાણીના કનેક્શન કાપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

સાતમી રજૂઆત મુજબ નગરપાલિકા દ્વારા નગરમાં ત્રણ ખૂણામાં ત્રણ દરવાજા બનાવવામાં આવી રહ્યા છે. જવાબદાર કોન્ટ્રાક્ટર દ્વારા કામગીરી ઝડપી રીતે પૂરી કરવામાં આવી નથી રહી તો તે કામગીરી ઝડપી પુરી કરવામાં આવે જો જવાબદાર કોન્ટ્રાક્ટર કામગીરી ઝડપી પુરીના કરે તો તેના વિરૂદ્ધ કાયદેસરના પગલાં લેવા માટે માંગ કરવામાં આવી હતી.

આઠમી માંગણી મુજબ મુવાડા થી માળીની વાડી થઈ જતો રસ્તો સત્વરે બનાવી આપવા માટે માંગણી કરાઈ હતી. જવાબદાર કોન્ટ્રાક્ટરને નગર પાલિકા દ્વારા કેટલીય વાર નોટીસ આપવા છતાંય ત્યાંના રસ્તાની કામગીરી કરવામાં આવી રહી નથી તો જવાબદાર કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ પગલાં લઈ રસ્તો જલ્દી બનાવી આપવા માંગ કરવામાં આવી હતી. આ બધી માંગણી નગર પાલિકા વહીવટદાર અને ચીફ ઓફિસર સમક્ષ નગરજનો દ્વારા કરવામાં આવી હતી.

મુવાડા પાટીદાર સમાજના આગેવાનો ખૂબ મોટા પ્રમાણમાં નગર પાલિકા આવી પહોંચ્યા હતા. તેમજ પાટીદાર સમાજ વતી અનુપ પટેલ દ્વારા બસ સ્ટેન્ડ વિસ્તારના રોડની કામગીરી, મુવાડા થી માળીની વાડીમાં જતા રસ્તો બનાવવા, નગરની સ્ટ્રીટ લાઈટ, ભૂતિયા પાણીના કનેક્શન, નગરમાં બનતા ત્રણ દરવાજા, ડોહળા પાણીની સમસ્યા આ બધી સમસ્યાઓની મૌખિક ધારદાર રજૂઆત અનુપ પટેલ દ્વારા આપવામાં આવી હતી. તેમજ આવનાર સમયમાં મુવાડા થી માળીની વાડીનો રસ્તો તેમજ નવીન બસ સ્ટેશન વિસ્તારમાં નવિન ડિવાઈડર પાસે ગટર લાઈન તેમજ સ્ટ્રીટ લાઈટ જેવી સમસ્યાઓ પર ધ્યાન આપવામાં નહીં આવે તો મુવાડા પાટીદાર સમાજ રોડ રોકો આંદોલન કરવામાં આવશે તેવી પણ ચીમકી અનુપ પટેલ દ્વારા ઉચ્ચારવામા આવી હતી.

ઝાલોદ નગરના વહીવટદાર ઝાલા અને ચીફ ઓફીસર હઠીલા દ્વારા બધી સમસ્યાઓને ગંભીરતાથી લઈ સત્વરે પૂરી કરવા બાંહેધરી આપવામાં આવી હતી.

# ઝાલોદ તાલુકાના થાળા ગામેથી મળેલી લાશમાં નવો વળાંક

દાહોદ,

એક દંપત્તી સાથે ચાંદલા વિધિમાં જવાનું કહી ઘરેથી નીકળેલ ઝાલોદ તાલુકાના ડુંગરી ગામની ૧૫ વર્ષીય કિશોરીની લાશ કમરના ભાગે દોરડું બાંધી દોરડાના એક છેડે પ્લાસ્ટિકના કોથળામાં મોટો પથ્થર બાંધેલ હાલતમાં ઝાલોદ તાલુકાના થાળા ગામે આવેલ તળાવમાં પાણીમાંથી મળી આવતાં પ્રાથમિક બત્તે લીમડી પોલીસે અકસ્માત મોતના કાગળિયા કરી ત્યારબાદ મરનાર કિશોરીને ચાંદલા વિધિમાં લઈ જનાર દંપત્તિ વિરૂધ્ધ પોલીસ પોલીસે હત્યાનો અને હત્યા કર્યા બાદ પુરાવાનો નાશ કરવાનો પ્રયાસનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ડુંગરી ગામે લખા ફળિયામાં રહેતી ૩૮ વર્ષીય રેખાબેન મનસુખભાઈ નેવાભાઈ ડામોરની દિકરી પાયલબેન (૧૫)ને માતાજીનો પરચો આવતો હોય તેના જ ગામમાં રહેતા અને ભડવા ભુવાનું કામ કરતો દિનેશભાઈ જેતીયાભાઈ ચંદાણા અવાર નવાર બડવા બડવા વિધિમાં પાયલબેનને સાથે લઈ જતો હોય. ગત તારીખ ૧૫–૩ ના રોજ રાત્રીના સમયે બડવા ભુવાનું કામ કરનાર દિનેશભાઈ જેતીયાભાઈ ચંદાણા અને તેની પત્નીવ ગીતાબેન દિનેશભાઈ ચંદાણા ગામના સુરમનભાઈના ઘરે ચાંદલા વિધિમાં જઈએ છીએ તેમ કહીને પાયલબેન ડામોરને તેના ઘરેથી તેમની સાથે લઈ ગયા હતા. તે પછી પાયલબેન ઘરે આવી ન હતી. જેથી પાયલબેનના માતા પિતાએ પાયલબેનની સગે વ્હાલે તપાસ કરાવી હતી. તેમ છતાં પાયલબેનની કોઈ ભાળ મળી ન હતી. અને ગઈકાલે સવારે કમ્મરે દોરડું બાંધી દોરડાના છેડે પ્લાસ્ટિકના કોથવામાં મોટો પથ્થર બાંધી રાખેલ હાલતમાં પાયલબેનની લાશ થાળા ગામે આવેલ તળાવના પાણી માંથી મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ અંગેની જાણ થતાં જ લીમડી પોલીસ ઘટના સ્થળે તાબડતોબ દોડી આવી હતી અને મૃત્તક પાયલબેનની લાશને તળાવના પાણી માંથી બહાર કાઢી પંચો રૂબરૂ પાયલબેનની લાશનું પંચનામું કરી પોસ્ટમોર્ટમ માટે લાશને લીમડી સરકારી દવાખાને મોકલી આપી હતી. મરનાર પાયલબેનના ઘરવાળાઓની પુછપરછ બાદ ચાંદલા વિધિમાં પાયલબેનને સાથે લઈ જનાર તેમના જ ગામના શકદાર આરોપી અને બડવા ભુવાનું કામ કરનાર દિનેશભાઈ જેતીયાભાઈ ચંદાણા તથા તેની પત્ની ગીતાબેન દિનેશભાઈ ચંદાણા વિરૂધ્ધ મરનાર પાયલબેનની માતા રેખાબેન મનસુખભાઈ નેવાભાઈ ડામોરે નોંધાવેલ ફરિયાદને આધારે લીમડી પોલીસે હત્યા અને પુરાવાના નાશ કરવાના પ્રયાસનો ગુનો નોંધી શંકમદ આરોપી દંપત્તીની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# દાહોદ જીલ્લામાં કમોસમી વરસાદથી ખેડુતોને થયેલ નુકશાન માટે વળતર ચુકવવા ગરબાડા ધારાસભ્ય દ્વારા કૃષિ મંત્રીને રજુઆત

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં છેલ્લા બે–ત્રણ દિવસ પહેલાં કમોસમી વરસાદને પગલે માવઠું પડતાં ખેડુત મિત્રોને પોતાના પાકમાં ભારે નુકશાન થવા પામ્યું છે. ત્યારે દાહોદ વિધાનસભાના ધારાસભ્ય દ્વારા તેમજ તેમની સાથે સાથે ગરબાડા વિધાનસભાના ધારાસભ્ય મહેન્દ્ર ભાભોર દ્વારા આ મામલે ગુજરાતના મુખ્ય મંત્રી અને કૃષી, પશુપાલન મંત્રીને લેખિત રજુઆત કરી ખેડુતોને સહાયરૂપ થવા વળતર ચુકવવા રજુઆત કરી છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

હવામાન વિભાગની આગાહીને પગલે સમગ્ર દાહોદ જિલ્લામાં છેલ્લા બે–ત્રણ દિવસથી વીજળીના કડાકા અને ધડાકા સાથે કમોસમી વરસાદને પગલે સર્વત્ર માવઠુ પડચું હતું. આ કમોસમી વરસાદને પગલે દાહોદ જિલ્લાના ખેડુતોના ઉભા પાકને ખુબજ નુકશાન થવા પામ્યું છે. આ મામલે દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીએ ખેડુતોની પડખે ઉભા રહી તેઓની ચિંતા કરી દાહોદ, ગરબાડા તાલુકામાં તેમજ આસપાસના વિસ્તારોમાં ભારે કમોસમી વરસાદના કારણે ખેડુતોના ઉભા પાક જેવા કે ઘઉં, ચણા, મકાઈ વિગેરે પાકોને ભારે નુકસાન થવાથી ખેડુતોને ખુબજ નુકસાન વેઠવાનો વારો આવ્યો હોવાથી આ મામલે દાહોદ વિધાન સભાના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી તેમજ ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્ર ભાભોર દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને કૃષી, પશુપાલન ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલને લેખિત રજુઆત કરી દાહોદ, ગરબાડા અને આસપાસના ખેડુતોને રાહત રૂપ યોગ્ય વળતર સહાયરૂપ થવા નમ્ર અરજ કરી હતી.

# લીમખેડાના ટીંબા ગામની માતાએ બે બાળકો સાથે ઉમરીયા ડેમમાં ઝંપલાવતા ત્રણેયના મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં આવેલ ઉમરીયા ડેમમાં એક માતાએ પોતાના સાસરીયાઓના ત્રાસથી વાજ આવી પોતાના બે સંતોનો સાથે ડેમમાં ઝંપલાવતા ત્રણેયના મોત નિપજયાનું જ્યારે હાલ બંન્ને બાળકોના મૃતદેહ મળી આવ્યા છે, પરંતુ હાલ સુધી માતાની કોઈ ભાળ મળી નથી. ત્યારે ફાયર ફાઈટરની ટીમ તેમજ સ્થાનિક તરવૈયાઓ દ્વારા માતાની શોધખોળ આદરી છે. ત્યારે એન.ડી.આર.એફ.ની ટીમને પણ બોલાવવામાં આવી હોવાનું કહેવાય છે. ઘટનાને પગલે ગ્રામજનોમાં ચકચાર મચી જવા પામી હતી. ત્યારે ઘટના સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યા હતા.



લીમખેડા તાલુકાના ટીંબા ગામે રહેતાં જયાબેન કલ્પેશભાઈ બારીયા (આશરે ઉ.વ.૩૦)ને તેના સાસરી પક્ષના ત્રાસથી અને અવાર નવાર થતાં પારિવારીક ઝઘડા, તકરારના કારણે પરણિતા જયાબેન કંટાળી ગયાં હતા. ત્યારે આજરોજ સાસરીયાઓના ત્રાસથી વાજ આવેલ જયાબેને પોતાની બે પુત્રીઓ પ્રજ્ઞાબેન (ઉ.વ. ૪ અને મેઘનાબેન (ઉ.વ.૨)ની સાથે લઈ લીમખેડા તાલુકામાં આવેલ ઉમરીયા ડેમ ખાતે આવ્યાં હતા અને બંન્ને પુત્રીઓની સાથે જયાબેને ડેમમાં ઝંપલાવી દીધું હતું. ઘટનાની જાણ સ્થાનીક લોકોને થતાં સ્થાનીક લોકો ઘટના સ્થળે દોડી ગયાં હતા. જ્યાં સ્થાનીક તરવૈયાઓની મદદથી ઉપરોક્ત પરણિતા અને તેમની બંન્ને પુત્રીઓની શોધખોળ હાથ ધરતાં બંન્ને પુત્રીઓને મૃત હાલતમાં સ્થાનીક તરવૈયાઓ દ્વારા ડેમના પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યાં હતા, પરંતુ ઉપરોક્ત પરણિતાનો ડેમમાં કોઈ પત્તો ન લાગતાં સ્થાનીકો દ્વારા પરણિતાના પરિવારજનોને જાણ કરતાં પરિવારજનો પણ ડેમ ખાતે દોડી આવ્યાં હતાં જ્યાં સ્થાનીક પોલીસને આ મામલાની જાણ કરવામાં આવતાં સ્થાનીક પોલીસ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને પોલીસ દ્વારા નજીકની ફાયર ફાઈટરની ટીમને પણ જાણ કરતાં ફાયર ફાઈટરની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. ફાઈયર ફાઈટરની ટીમ દ્વારા ડેમમાં ભારે શોધખોળ બાદ પણ પરણિતાનો કોઈ પત્તો ન લાગતાં વડોદરાની એન.ડી.આર.એફ.ની ટીમને બોલાવવાની ફરજ પડી હતી. હાલ પરણિતાની શોધખોળ ચાલુ છે ત્યારે એક સાથે ત્રણના મોતને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. ઘટનાને પગલે ડેમ ખાતે લોકટોળા ઉમટી પડ્યાં હતા. ત્યારે સમગ્ર મામલે સ્થાનીક પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ આરંભ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ તાલુકામાં આકાશી વિજળીથી ૮ પશુઓના મોત થતાં પશુપાલકોને સહાય અપાઈ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાના ગલાલિયાવાડ, કાળી તળાઈ અને ભ્રમખેડા ગામે વિજળી પડતા ૮ પશુઓના મોત થતા મૃત પામનાર પશુઓના માલિકોને સહાય આપવામાં આવી હતી.

તા.૧૭.૩.૨૦૨૩ શુક્રવારના રોજ વહેલી સવારે ગાજવીજ સાથે પડેલ વરસાદના કારણે વાતાવરણમાં પલટો આવ્યોં હતો. જેમાં દાહોદ શહેર સહિત જિલ્લામાં કેટલાય વિસ્તારોમા વિજડી પડવાની ઘટનાઓ બનવા પામી છે, જેમાં દાહોદ તાલુકાના ગલાલીયાવાડ ગામે વીજડી પડતા સેડમાં ઉભેલી ચાર ભેંસોનુ ઘટના સ્થળેજ કમકમતી ભર્યું મોત નીપજયું હતું. તેમજ દાહોદ તાલુકામાં કાળીતળાઈ ગામે કાળીતળાઈ મંદિર વિસ્તારમાં ઘાસ ચારો ચરી રહેલા પશુઓ પર વીજળી પડતા બે પશુઓના મોત નીપજયાં હતા અને દાહોદ તાલુકાના વરમંખેડામાં પણ વીજળી પડવાથી બે મુંગા પશુઓના મોત નિપજતા પશુ માલિકો પર આભા તૂટી પડ્યું હતું. જેને લાખોનું નુકશાન કુદરતી આફતના કારણે થયું હતું. જેને લઈ ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરએ કુદરતી આફતના કારણે થયેલ નુક્શાની આપવા તાલુકા પંચાયત કચેરી ખાતે નુક્શાની બદલ મુંગા પશુઓના માલિકોને ચેક વિતરણ કરવામાં આવ્યા નુકશાની થતા વહીવટી તત્ર તાતકાલિક મદદે આવી એ બદલ તમામ પશુઓના માલિકોએ ધારાસભ્ય અને વહીવટી તંત્રનો આભાર માન્યો હતો.

# દાહોદ જિલ્લામાં જિલ્લા શિક્ષણ અધિકારીનું ચાર્જ સંભાળતા પેન્ડિંગ પડેલી૧૨૦૦ નોકરીના હુકમો કરતા શિક્ષણ આલમમાં ખુશીનો માહોલ



દાહોદ,

દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષણા ધિકારી મયુરભાઈ પારેખને માધ્યમિકનો જિલ્લા શિક્ષણાધિકારી તરીકેનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. ત્યારે દાહોદ જિલ્લાનો જે સૌથી મોટો સળંગ નોકરીના હુકમનો જે સળગતો પ્રશ્ન હતો તે પ્રશ્નના ઉકેલ માટે આજે પ્રથમ દિવસે જ જિલ્લા શિક્ષણાધિકારી મયુરભાઈ પારેખે પોતાની કુટનીતિનો યોગ્ય જગ્યાએ યોગ્ય સમયે ઉપયોગ કરી આજરોજ માધ્યમિક શિક્ષણાધીકારીનો ચાર્જ સંભાળતાની સાથે જ સળંગ નોકરીના ૧૨૦૦ જેટલા કર્મચારીઓના હુકમ પર સહી કરીને શિક્ષકો માટે બહુ મોટું મેસેજ મોકલ્યો છે. જેથી આજરોજ દાહોદ જિલ્લાના શિક્ષણ સેવા વર્ગની અંદર તમામ શિક્ષકોમાં ખુશીની લહેર જોવા મળી હતી. ત્યારે છેલ્લા ચાર વર્ષોથી ભુતકાળના અને લાંચીંયા અધિકારી કાજલ દવેને વારંવાર અનેકવાર લેખિક–મૌખિક રજુઆતો કરવા છતાં કોઈ માંગો સ્વીકારવામાં આવતી નહોતી. ત્યારે નવા માધ્યમિક શિક્ષણાધીકારી મયુરભાઈ પારેખ દ્વારા તમામ માંગો ચાર્જ લેતાની સાથેજ સ્વીકારી લેતા માંગો પૂર્ણ કરી છે. ત્યારે સાબિત થાય છે જુના શિક્ષણાધીકારી કાજલ દવેની કચેરીમાં નોટ નહીં તો કામ નહીં.

# દાહોદ જિલ્લામાં બે જુદી-જુદી જગ્યાએ યુવતી અને મહિલાની છેડતી કરતાં પોલીસ મથકે ફરિયાદ

દાહોદ,

સીંગવડ તાલુકામાં રહેતી એક યુવતીને સીંગવડ તાલુકાના તારમી ગામે વડલા ફળિયામાં રહેતો વિનોદભાઈ દલસીંગભાઈ કિશોરીએ યુવતીને બદનામ કરવા તેમજ તેણીની ઈજ્જત કાઢવાના આશયથી તારીખ ૨૮.૧૨.૨૦૨૩ થી તારીખ ૧૬.૦૩.૨૦૨૩ના અલગ અલગ સમયગાળા દરમ્યાન યુવતીના સગપણ તોડી નાંખવાના આશયથી યુવતીની મરજી વિરૂધ્ધ સોશિયલ મીડીયાના પ્લેટફોર્મ પર યુવતીના ફોટાઓ વાયરલ કરી દીધાં હતાં અને યુવતીની સગાઈ તોડાવી નાંખી હતી ત્યાર બાદ યુવતીને અપમાનીત કરી વિનોદભાઈ યુવતીને સોશિયલ મીડીયા પ્લેટફોર્મ પર સતત પીછો કરતો હતો અને પોતાની સાથે સંબંધ રાખવા માટે દબાણ કરતો હતો. મારી સાથે સંબંધ નહીં રાખે તો હું તને જાનથી મારી નાંખીશ કાંતો હું જાતે મરી જઈશ અને હું જાતે મરીને જેલમાં પુરાવી દઈશ, તેવી ધાકધમકીઓ આપતાં આ સંબંધે યુવતીની બહેન દ્વારા રણધીકુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

છેડતીનો અન્ય એક બનાવ ફતેપુરા નગરમાં બનવા પામ્યો હતો. જેમાં ફતેપુરા તાલુકામાં રહેતાં ૩૧ વર્ષિય વિધવા મહિલાને ફતેપુરા તાલુકાના ડુંગર ભુરી ગામે ડાબરીયા ફળિયામાં રહેતો પંકજભાઈ કાન્તીભાઈ બરજોડે ગત તા.૧૪મી માર્ચના રોજ મોટરસાઈકલ પર ફતેપુરા નગરમાં આવ્યો હતો અને ફતેપુરા નગરમાં ઉભેલ મહિલાનો હાથ પકડી કહેલ કે, તારો પતિ મરણ ગયેલ છે, મારે તને રાખવી છે, તેમ કહી છેડતી કરવાના ઈરાદે મહિલાનો હાથ પકડવાનો પ્રયત્ન કરતાં મહિલાએ બુમાબુમ કરી મુક્તાં આસપાસના લોકો દોડી આવ્યાં હતાં. લોકોને જોઈ પંકજભાઈ બરજોડ નાસી જવામાં સફળ રહ્યો હતો. ત્યારે આ સંબંધે મહિલાએ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયા શહેર અજાયબી સમાન ટાવર ઘડીયાળ છેલ્લા ૧૦ દિવસ થી બંધ છે કેમ ?

દે.બારીયા,

દે.બારીયા શહેરની ઐતિહાસીક ધરોહર અજાયબી સમાન કહીએ તો ખોટું નથી. શહેરની નાકસમાન આ ઐતિહાસીક ટાવર ઘડીયાળ છેલ્લા ૧૦–૧૫ દિવસથી ચાવી ન ભરવાના કારણે છેલ્લા ૧૦–૧૫ દિવસથી ચાવી ન ભરવાના કારણે બંધ થઈ છે. તેવું ટોક ઓફ ધ ટાઉન બનવા પામ્યું છે.



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરને રજવાડી સમય દરમિયાન આ ટાવર ઘડીયાળનું બાંધકાર્ય કરવામાં આવ્યું. લગભગ ૯૦ વર્ષ જેવો સમય વિતવા આવ્યો છતાં આ ઘડીયાળ ચાલુ હાલતમાં છે. તેને પણ બિરદાવવા લાય છે. દે.બારીયા નગર પાલિકાના હસ્તક તેની સાચવી રખરખાવ મેન્ટેનન્સ થાય છે. હાલના ગત વર્ષો અગાઉ ટાવર ઘડીયાળની ટોચ ઉપર આકાશી વિજળી પડતા નુકશાન થતા તેનું સમારકાર્ય યુધ્ધના ધોરણે કરાયું હતું. પરંતુ હાલમાં ફેબ્રુઆરી ૨૦૨૩ થી દે.બારીયા નગર પાલિકા વહિવટી કાર્ય સરકારી બાબુઓના હસ્તક જતા ટાવર ઘડીયાળ પ્રત્યે કોઈ જ સાચવણી તથા સાફ સફાઈ ટાવર ઘડીયાળની ચાવી ભરાઈ નથી. તેથી આ ટાવર ઘડીયાળ ૧૦ થી ૧૫ દિવસથી બંધ થઈ જવા પામી છે. આ શહેરની ઐતિહાસીક ટાવર અંગે આપણા માન્ય વડાપ્રધાન મોદી પણ પુછતાછ પહેલા કરી હતી. તેથી તેનો મહત્વ કેટલો હશે તેના ઉપરથી સમજી શકાય છે. જેથી દે.બારીયા નગર પાલિકાનું વહિવટી તંત્ર બંધ થયેલા ટાવર ઘડીયાળને ચાલુ કરાવવા માટે હાથ ધરશે તેવું શહેરની આમ પ્રજાની માંગ છે.


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

**૨૦ મી માર્ચ વિશ્વ ચકલી દિવસ, નિમિતે વરોડ પ્રાથમિક શાળામાં પ્રકૃતિપ્રેમી, પક્ષી પ્રેમી શિક્ષક અલ્કેશ વૈરાગી દ્વારા ચકલી ઘરની વિદ્યાર્થી ઓને વિતરણ કરવામાં આવ્યું. વિદ્યાર્થી ઓ પક્ષી પ્રેમી હોય છે. ચકલીના રક્ષણ-સંવર્ધન માટે ઈ.સ. ૨૦૧૦થી થતી ઉજવણી : જીવદયા ઘર સહિત સંસ્થાઓ કરે છે. ચકલી જાતે માળો બનાવતી નથી તેથી વિતરણ જરૂરી છે. ઉનાળામાં પ્રાણી-પંખીઓને પીવાના પાણીની પણ જરૂર છે. બાલ્કનીના અભાવ, હવા માટે બારીઓને બદલે લાગતા એરકન્ડીશનરના પગલે ગત વર્ષોમાં નાનકડા પ્યારા પંખી ચકલીઓ ગાયબ થતી જતા તા. ૨૦ માર્ચ ૨૦૧૦થી ઉજવાતો વિશ્વ ચકલી દિવસ છે.**

# વિશ્વ ચકલી દિવસ, લીમડી નગરના પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા માળા-કુંડાનું વિતરણ કરવામાં આવ્યું




લીમડી,

ચકલીના રક્ષણ–સંવર્ધન માટે ઈ.સ. ૨૦૧૦થી થતી ઉજવણી. જીવદયા ઘર સહિત સંસ્થાઓ કરે છે. ચકલી જાતે માળો બનાવતી નથી તેથી વિતરણ જરૂરી છે, ઉનાળામાં પ્રાણી–પંખીઓને પીવાના પાણીની પણ જરૂર છે. લીમડી નગરમાં શહેરીકરણ, ગીચતા, બાલ્કનીના અભાવ, હવા માટે બારીઓને બદલે લાગતા એરકન્ડીશનરના પગલે ગત વર્ષોમાં નાનકડા પ્યારા પંખી ચકલીઓ ગાયબ થતી જતા તા. ૨૦ માર્ચ ૨૦૧૦થી ઉજવાતો વિશ્વ ચકલી દિવસ છે. આ નિમિત્તે લીમડી નગરમાં સાઈ મંદિરનાં બાજુમાં ચબૂતરા પાસે ચકલીઓ માટે કુંડા અને અન્ય પૂઠા થી બનાવેલા માળા તથા પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું. લીમડી નગરમાં લીમડી નગરનાં પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા ચકલીના માળા–કુંડા, બર્ડ ફીડર, વિતરણ શરૂ કરવામાં આવ્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.177

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## ગોધરાના તીરઘરવાસમાં આવેલ રામગલીમાં

# વસવાટ કરતાં રહિશો સાફ સફાઈ, ગટર, લાઈટ તેમજ પીવાના પાણીની સમસ્યાથી પરેશાન

- ગટરો ઉભરાવાની સમસ્યાને લઈ મચ્છરોનો ઉપદ્રવ વધ્યો.
- આ વિસ્તારમાં મહાકાળી મંદિર આસપાસ ગટરના ગંદા પાણી ભરાતા સેવા પૂજા કે દર્શન કરવામાં મુશ્કેલીઓ.





ગોધરા,

ગોધરા પાલિકાના તીરઘરવાસ ખાતે રામગલીના લોકો સાફ સફાઈ, પીવાના પાણી, ગટર વ્યવસ્થા જેવી બાબતો માટે વલખાં મારવા પડે છે. પાલિકા દ્વારા સ્થાનિકોની રજુઆતને ગંભીરતાથી લઈ રહ્યું નથી. આ વિસ્તારમાં આવેલ મહાકાલી મંદિરની ચારે તરફ ગરટના ગંદા પાણીના દ્દશ્યો જોવા મળી રહ્યા છે.

ગોધરાના તીરઘરવાસ વિસ્તારના રામગલીમાં ૨૦૦૦ ઉપરાંત તીરઘર સમાજના લોકો વસવાટ કરે છે. ત્યાં આજે પણ પીવાના પાણી, ગટર વ્યવસ્થા, સાફ સફાઈ વગેરે જેવી પ્રાથમિક સુવિધાઓ માટે વલખાં મારી રહ્યા છે. આઝાદીના ૭૫ વર્ષ થવા આવ્યા છતાં તીરઘરવાસની રામગલીના લોકો હજી પણ વિકાસથી વંચિત રહ્યો છે. તીરઘર સમાજના લોકો દ્વારા નગર પાલિકામાં અનેકવાર રજુઆતો કરી હોવા છતાં પાલિકા તંત્ર આ વિસ્તારના લોકો માટે ઓરમાર્યું વર્તન દાખવી રહ્યા છે. તીરઘરવાસમાં પ્રવેશની સાથે ચારે તરફ ગટરના ગંદા પાણી રોડ ઉપર રેલાયેલા જોવા મળે છે. તેમાં પણ જે ગટર લાઈન હયાત છે. તે પણ ચોકઅપ થયેલ છે. જેને લઈ ગંદા પાણીનો નિકાલ નહિ થતાં મચ્છોના ઉપદ્રદ વધ્યો છે. આ વિસ્તારમાં મેલેરીયા, કોલેરા જેવા રોગો ફાટી નિકળે તેવી સંભાવના જોવાઈ રહી છે. રાજ્ય સહિત દેશમાં કોરોના ફરીથી માથું ઉચક્યું છે. જેને લઈ સ્થાનિક રહિશો ચિંતામાં મુકાયા છે.

> તીરઘરવાસ રામગલીમાં રહેતા પાણીબેન જણાવ્યું કે, અમારા વિસ્તારમાં આવે મંદિરમાં ગંદુ પાણી ભરાય છે. જેના કારણે ન પૂજા થાય છે કે દર્શન થાય છે. પાલિકા તંત્ર અમારું સાંભળતું નથી. પાણી ભરાવવાના કારણે છોકરા પડી જતાં ફેકચર થઈ ગયું હતું.

> છેલ્લા કેટલાય વર્ષોથી ગંદાપાણીના નિકાલ તેમજ સાફ સફાઈ અને પીવાના પાણીની સમસ્યા છે. પાલિકાના ચુંટાયેલ સ્થાનિક સભ્યો નિરાકરણ લાવતા નથી. પાલિકા તંત્ર અમારી સાથે વિકાસના કામો નહિ કરી ઓરમાર્યું વર્તન રાખતા જોવા મળી રહ્યા છે.

> તીરઘરવાસમાં રહેતા શારદાબેન દ્વારા જણાવાયું કે, લગ્ન કરીને આવી ત્યારથી ગટર લાઈન ચોકઅપ થવાની સમસ્યા છે. હુ ઘર માંથી ગટરનું ગંદુ પાણી કાઢીને થાકી ગઈ ગઈ છું માટે ઘરમાં રહેવું નથી. કારણ કે, ગટરના ગંદા પાણીમાં રહેવાથી થાકી ગયા છીએ. અમને બીજે ભાડેથી મકાન મળે અને ભાડું નગર પાલિકા ચુકવે તે માટે આગળ પાછળ કોઈ નથી.

## વેજલપુર પોલીસે ૩૭ વર્ષથી આંતરરાજયના અલગ-અલગ ૧૫ ગુન્હામાં વોન્ટેડ આરોપીને ખડકી ટોલનાકા પાસે વાહન ચેકીંગમાં ઝડપ્યો

વેજલપુર,

પંચમહાલની વેજલપુર પોલીસે છેલ્લા ૩૭ વર્ષથી આંતરરાજ્યના અલગ–અલગ ૧૫ ગુન્હામાં નાસતા ફરતા વોન્ટેડને ઝડપી પાડવા ખડકી ટોલનાકા પાસે વાહન ચેકીંગ હાથ ધરી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.



ગુન્હાના આરોપી તેમજ નાસતો ફરતો વોન્ટેડ આરોપી અનિલ

પ્રાપ્ત વિગતો મુજબ પંચમહાલ જીલ્લા પોલીસવડાને મળેલ બાતમીના આધારે મહારાષ્ટ્ર રાજયના ૧૯૮૫ના તેમજ ૨૦૨૩ના મલબાર પોલીસ મથકના ગુન્હાના આરોપી તેમજ નાસતો ફરતો વોન્ટેડ આરોપી અનિલ ભગવાનદાસ જયસીંગાનિયા (રહે. ઉલ્લાસનગર, થાણા–મહારાષ્ટ્ર) જેની સામે ખુનની કોશીષ, ખંડણી વસુલી, ગેરકાયદેસર હથિયાર રાખવા, મારામારી, ખોટા દસ્તાવેજો બનાવવા તેમજ ગુન્હા સહિત કાવતરું રચવું જેવા ગુન્હાઓ મહારાષ્ટ્ર અને ગુજરાતના અમદાવાદ મળી ૧૫ જેટલા ગુન્હામાં વોન્ટેડ હોય આ આરોપી ગુજરાત રાજ્યમાં પ્રવેશ કરી વડોદરા, હાલોલ થઈ મધ્યપ્રદેશ, રાજસ્થાન જનાર છે. આરોપીના ૮ વર્ષ જુના ફોટાના આધારે શોધવાનો હોય પંચમહાલ વેજલપુર પોલીસ મથકના પો.સ.ઈ. આર.આર.ગોહિલ એ સ્ટાફની ટીમ બનાવી ખડકી ટોલનાકા વાહન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. વાહન ચેકીંગ દરમિયાન આરોપી અનિલ ભગવાનદાસ જયસિંગાનિયાને ઝડપી પાડવામાં આવ્યો. આરોપીઓ તેની વિરૂદ્ધના ગુન્હાની કબુલાત કર્યા જયારે મહારાષ્ટ્ર પોલીસ પણ આરોપીનો કરતાં વેજલપુર પોલીસ મથકે આવતાં વોન્ટેડ આરોપીને સોંપવામાં આવ્યો.

## પાવાગઢ યાત્રાધામ ખાતે શ્રીફળ વધેરવાના નિર્ણયને શાંત કરવા માંચીમાં શ્રીફળ વધેરવાનું મશીન મુકયું

પાવાગઢ,

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે છોલેલું શ્રીફળ લઈ આવતા યાત્રાળુઓ મંદિરના વિસ્તારમાં ગમે ત્યાં શ્રીફળ વધેરી ગંદકી અને કચરો કરતા હોવાથી મહાકાળી મંદિર ટ્રસ્ટે મંદિરમાં આવતા ભક્તોએ આખું શ્રીફળ લઈને જ આવવું તેવી જાહેરાત કરવામાં આવ્યા બાદ પાવાગઢ મંદિરમાં શ્રીફળ વિવાદ ઉભો થયો છે. મંદિરના ટ્રસ્ટીઓએ સ્પષ્ટ સૂચના આપી છે કે ,છોલેલું શ્રીફળ ઉપર મંદિરમાં લઈ આવતા ભક્તો સામે અને વેચનાર વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. જેના વિરોધમાં અનેક વેપારીઓ આવેદન આપી વિરોધ કરી રહ્યા છે, આ વિરોધ વચ્ચે મંદિર દ્વારા આખું શ્રીફળ વધેરવા માટેનું ઓટોમેટિક મશીન ચાચર ચોકમાં મૂકી આ વિરોધને શાંત પાડવાનો પ્રયાસ કર્યો છે.



ચૈત્રી નવરાત્રિને આડે એકજ દિવસ બાકી છે. ત્યારે પાવાગઢ મહાકાળી મંદિરે રોજ લાખો શ્રાધ્ધળુઓ આવશે અને કોઈ પણ જગ્યાએ અવ્યવસ્થા ન સર્જાય તે માટે પંચમહાલ જિલ્લા વહીવટી તંત્ર કામે લાગ્યું છે. તેવામાં નવરાત્રિથી પાવાગઢ મંદિરમાં છોલેલું શ્રીફળ લઈ આવવા ઉપર પાબંદી લગાવવાનો મંદિર ટ્રસ્ટીઓના નિર્ણયના અમલીકરણ માટે ટ્રસ્ટી મંડળ મક્કમ છે. વેપારીઓને પણ છોલેલા શ્રીફળ નવરાત્રિથી નહીં વેચવા જણાવવામાં આવ્યું છે.વેપારીઓ દ્વારા શ્રીફળ નવરાત્રિને લઈ ઓર્ડર આપી મંગાવી લેવામાં આવ્યા છે. ત્યારે મંદિર ટ્રસ્ટના આ નિર્ણયને લગભગ ભક્તોએ વધાવી લીધો છે, પરંતુ સ્થાનિક વેપારીઓ વિરોધ કરી રહ્યા છે. મંદિર ટ્રસ્ટ દ્વારા આ વિરોધ વચ્ચે આજે માચી ચાચર ચોકમાં આખું શ્રીફળ છોલીને વધેરાય જાય તેવું ઓટોમેટિક મશીન મૂકી તેનું ઉદઘાટન કર્યું છે. માત્ર બે જ સેકન્ડમાં મશીનમાં આખું શ્રીફળ મુકો તો વધેરાય જાય તેવી વ્યવસ્થા આ મશીન દ્વારા ઉભી કરવામાં આવી છે. મહાકાળી મંદિર ટ્રસ્ટ દ્વારા મંદિર પરિસર તેમજ માચીથી ડુંગર ઉપર સ્વચ્છતા જળવાય રહે તે તેવા ઉમદા હેતુથી આ નિર્ણય લીધો હોવાનું જાણવ્યું હતું. તો માઈ ભક્તો છોલેલું શ્રીફળ લઈ મંદિરે આવે છે અને પછી ગમે ત્યાં જગ્યા દેખાય ત્યાં ફોડીને અડધું શ્રીફળ રસ્તે ખૂણે ખાંચરે મૂકી જતા રહેતા ભારે ગંદકી અને કચરો થતો હોવાથી અને માતાજીનો પ્રસાદ અન્ય ભક્તોના પગ નીચે આવતા ભક્તોની આસ્થા અને શ્રદ્ધાનું અપમાન ન થાય માટે આ નિર્ણય મંદિર ટ્રસ્ટે લીધો છે. ઓટોમેટિક મશીનના નિર્ણય વીશે મુંબઈથી આવેલા ભક્તે જણાવ્યું હતું કે, શ્રીફળ અહીં વધેરી ગંદકી કરવી એ કરતા માતાજીને અર્પણ કરી ઘરે લઈ જઈએ એ યોગ્ય છે. જે લોકો અહીં કઠિન યાત્રા નથી કરી શકતા અથવા નથી આવી શકતા તેઓને માતાજીનો પ્રસાદ આપણે પહોંચાડી શકીએ અને શ્રીફળ ઘરે લઈ જઈએ તો માતાજીનો અંશ આપણા ઘરે આવે છે. તો મંદિર ટ્રસ્ટનો આ નિર્ણય આવકાર દાયક છે.

## શહેરાના વલ્લભપુરના છેપલી તળાવનું પુરાણનો ઠરાવ રદ્દ નહિ થાય તો આત્મવિલોપનની ચિમકી

શહેરા,

શહેરા તાલુકાના વલ્લભપુર ગામ ખાતે આવેલ છેપલી તળાવ સ્થાનિક ગામના ખેડુતો માટે આશિર્વાદ સમાન છે. આ તળાવને પુરાણ કરવા માટેનો ઠરાવ થતાં વાડી બેઠકના તાલુકા પંચાયત સદસ્ય જશવંતસિંહ સોલંકીએ ઠરાવ રદ્દ નહિ કરવામાં આવે તો આત્મવિલોપનની ચિમકી ઉચ્ચારી હતી.

શહેરા તાલુકાના જુના વલ્લભપુર ગામ ખાતે આવેલ છેપલી તળાવ સ્થાનિક ગામના ખેડુતો માટે આર્શિવાદ સમાન છે. આ ગામની ગ્રામ પંચાયતમાં સરપંચની ઉપસ્થિતિમાં આ તળાવમાં પથ્થર વધારે હોવાથી આ તળાવનુ પુરાણ કરીને પશુઓ માટે ઘાસચારો ઉગાવવામાં આવે તેવો ઠરાવ કરવામાં આવ્યો હોવાની જાણ ગામના જાગૃત નાગરિક જશવંતસિંહ સોલંકીને થતાં તેઓ દ્વારા આનો સખત વિરોધ કરવામાં આવવા સાથે લાગતી વળગતી કચેરી ખાતે ગ્રામ પંચાયતમાં થયેલ ઠરાવ રદ્દ કરવામાં આવે તે માટે લેખિત અને મૌખિક રજુઆત કરવામાં આવી હતી. આ જે તળાવ છે તે ખેડુતો માટે અને પશુપાલકો માટે આશિર્વાદરૂપ બનતુ હોય ત્યારે સંબંધિત તંત્ર દ્વારા આ તળાવને સુજલામ સુફલામ યોજના અંતર્ગત ઉંડુ કરવામાં આવે જેથી વધુ પાણીનો સંગ્રહ થાય તો અહિંના ખેડુતોને સિંચાઈ માટે વધુ પાણી મળી રહે અને પશુપાલકોને પોતાના પશુઓને બીજી જગ્યાએ પાણી પીવડાવવા જવુ પડે નહિ જેથી હાલ તો ગ્રામ પંચાયતમાં થયેલ ઠરાવ રદ્દ કરવામાં નહિ આવે તો જશવંતસિંહ સોલંકી જિલ્લા કલેકટર કચેરી ખાતે આત્મવિલોપન કરનાર હોવાની ચિમકી ઉચ્ચારી હતી.

## વિશ્વ ચકલી દિવસે પ્રકૃતિ પ્રેમી દ્વારા મહેશ્વરી સોસાયટીમના ૧૦૦ ઘરોમાં ચકલી માળાનું વિતરણ કરાયું



ગોધરા,

એક સમય હતો જયારે ચકલીની ચિચિયારી ગામડા અને શહેરોમાં તેમજ ફળિયામાં ગુંજતી હતી, પરંતુ બદલાતા સમયની સાથે ધીમેધીમે ચકલીઓની પ્રજાતી લુપ્ત થઈ રહી છે અને ચકલીનો કલરવ સાંભળવો દોહલો બન્યો છે. આથી ચકલીની પ્રજાતીને લુપ્ત થતી અટકાવવા સમગ્ર વિશ્વમાં આજે ૨૦ માર્ચના રોજ 'વિશ્વ ચકલી દીવસ'ની ઉજવણી કરવામાં આવે છે, પરંતુ અહીં સવાલ એ છે કે, વિશ્વ ચકલી દિવસની ઉજવણી સાથે શું ખરેખર ચકલીના બચાવ માટે કોઈ નક્કર કામગીરી થાય છે? તે એક મોટો સવાલ છે.

ત્યારે આજે ૨૦મી માર્ચ વિશ્વ ચકલી દિવસ છે અને ચકલીની પ્રજાતિ જે લુપ્ત થતી જાય છે. તેને બચાવવા માટે ગોધરાના જાણીતા ભગવતી પ્રસાદ સીકલીગર છેલ્લા દસ વર્ષથી ચકલી બચાવ અભિયાન ચલાવે છે. તેના ભાગરૂપે ૨૦મી માર્ચે દરેક પ્રકૃતિ પ્રેમી સંસ્થાઓ પાસેથી ચકલીઓના માળાઓ મેળવીને અથવા તો જાતે તૈયાર કરીને ગોધરાની જનતાને ઘરે ઘરે જઈ આપી રહ્યા છે.

ગોધરામાં આવેલા આદ્ય મહેશ્વરી સોસાયટીમાં રહેતા ૧૦૦થી વધુ ઘરોમાં ચકલીઓના માળાનું વિતરણ કર્યું હતું. જેના લીધે પર્યાવરણની જાળવણી થાય તે માટે આ ભગીરથ કાર્ય કરવામાં આવી રહ્યું છે.

હાલમાં ધરાબેન સિકલીગર પોતાના સસરા ભગવતી પ્રસાદ સીકલીગર સાથે છેલ્લા દસ વર્ષથી ચકલી બચાવો અભિયાન સાથે કામ કરી રહ્યા છે. ત્યારે તેમની સાથે તેઓ પણ સહભાગી બની અલગ અલગ સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલા ચકલીઓના માળાઓ તેમજ ચકલીઓની કેવી રીતે અવરનેસ કરવી તેના વિશે લોકોને માહિતી આપે છે.

જરૂર લાગે તો લોકોને ચકલીઓના માળા આપે છે. આજે વિશ્વ ચકલી દિવસ છે. ત્યારે, ગોધરામાં આવેલા આદ્ય મહેશ્વરી સોસાયટીમાં ૧૦૦થી વધુ લોકોને ચકલીઓના માળાનું નિઃશુલ્ક વિતરણ કર્યું હતું.

## પાવાગઢ શકિતપીઠ મંદિર ટ્રસ્ટ શ્રીફળ વધેરવાની પરંપરા બંધ કરવાના વિરોધમાં વી.એચ.પી. દ્વારા આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી

પાવાગઢ,

પાવાગઢ શકિતપીઠ ખાતે સદીઓથી ચાલતી પરંપરા સાથે મંદિર ટ્રસ્ટ દ્વારા ચેડા કરવા આવ્યા છે. તેના વિરોધમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા મામલતદારને લેખિત રજુઆત. પાવાગઢ કાલિકા દ્વારા માતાજીના મંદિર પહેલા પગથીયા પાસે શ્રીફળ નહિ વધેરી શકે અને પાવાગઢ માતાજીના આસ્થા અને ભકિતભાવ સાથે દર્શનાર્થે આવતા ભકતો મંદિર થી ચાર કિલો મીટર દુર માંચી શ્રીફળ વધેરવાની ફરજ પડે છે. શ્રીફળ વધેરવું એ દરેક હિન્દુ આસ્થાનો વિષય છે. તેની ઉપર પ્રતિબંધ લગાવી શકાય નહિ શ્રીફળ વધેરવાની પરંપરા સદીઓથી ચાલી આવી છે. તેને અટકાવવી હિન્દુઓની આસ્થા અને ઠેસ પહોંચાડવા બરાબર છે. આ બાબતે પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા લેવામાં આવેલ નિર્ણય પાછો ખેંચવામાં આવે જો પાવાગઢ મંદિર ટ્રસ્ટ નિર્ણય પરત નહિ ખેંચે તો વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ મુદ્દે રાજયવ્યાપી જલદ આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારીને મામલતદારને આવેદન આપવામાં આવ્યું.

## શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા ખાતે 'સંસ્કૃતિ સાહિત્ય અને કલામીમાંસા' વિષય પર આંતરરાષ્ટ્રીય કક્ષાનો સેમિનાર યોજાયો



ગોધરા,

તાજેતરમાં પંચમહાલ જિલ્લાના ગોધરા પાસેના વિંઝોલ ખાતે આવેલ મધ્ય ગુજરાતની ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા આંતરરાષ્ટ્રીય કક્ષાનો 'સંસ્કૃતિ સાહિત્ય અને કલામીમાંસા' વિષય ઉપર સેમિનાર સંપન્ન થયો થયો હતો.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો. દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી. યુનિવર્સિટીના પીએચડી વિભાગની શોધાર્થી બહેનો દ્વારા પ્રાર્થના રજૂ કરવામાં આવી હતી. આ સેમિનારમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના મુખ્ય વક્તા ડો. સુમનભાઈ શાહ, ડો.બાબુભાઈ સુથાર,ડો. કરૂણા જોશી, ડો.અંબાદાન રોહડીયાએ અલગ અલગ વિષયો પર વ્યાખ્યાનો આપ્યા હતા.

આ સેમિનારમાં કુલપતિ પ્રો.પ્રતાપસિંહ ચૌહાણ તેમજ કુલસચિવ ડો.અનિલભાઈ સોલંકીએ પ્રાસંગિક વકતવ્યો રજૂ કર્યા હતા. સંયોજક તરીકે યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અદયક્ષ ડો. કુમાર જેમિનિ શાસ્ત્રીએ કામગીરી કરી હતી. આ કાર્યક્રમમાં ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી વિંઝોલ દ્વારા પ્રકાશિત ગોવિંદ ગુરૂના જીવન પર આધારિત શોધપત્રોના પુસ્તકનું વિમોચન પણ ઉપસ્થિત મહેમાનોના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિવિધ કોલેજોના આચાર્યઓ, મોટી સંખ્યામાં અધ્યાપકો, પીએચડીના શોધાર્થીઓ, સર્જકો, શિક્ષકો અને સાહિત્યજગતના લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં શ્રોતાઓએ પોતાના શોધ પેપર પણ રજૂ કર્યાં હતાં. કાર્યક્રમનું રાષ્ટ્રગીતના ગાન સાથે સમાપન કરાયું હતું.

## ગોધરા તાલુકાના ભાટીના ઘોડા સારંગપુર ગામના ઈસમોએ ગણેશ મંદિરમાં ફોટો નહિ પાડવા દેવા મામલે મારમારતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના ભાટીના ઘોડા સારંગપુર ગામે રહેતા આરોપી ઈસમો દ્વારા ગણેશ મંદિરમાં ફોટો કેમ પાડવા ના દીધા તેમ કહીને મારમારતાં આ બાબતે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ભાટીના ઘોડા સારંગપુર ગામે રહેતા આરોપીઓ ગોપાલ વિક્રમભાઈ જાદવ, સંદિપભાઈ ઈશ્વરભાઈ જાદવ, ચેતન જશવંતભાઈ જાદવ, રોહિત દશરથભાઈ જાદવ, હિતેશ ફતેસિંહ જાદવ અએ કલ્પેશકુમાર રામસિંહ સોલંકી જે રહે. વાટા રીંછીયાને તે અમોને ગણેશ મંદિરમાં ફોટા કેમ પાડવા દીધા નહિ તેમ કહી ઝપાઝપી કરી ગડદાપાટુનો મારમારી ગુન્હો કરતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા ખેતીવાડી બજાર સમિતિ ચુંટણી માટે પ્રસિદ્ધ થયેલ મતદાર યાદીમાં છબરડાના આક્ષેપ

ગોધરા,

ગોધરાની ધી ખેતવાડી બજાર સમિતીની ટર્મ પૂર્ણ થતાં આગામી તા.૩૧ મેના રોજ ચુંટણી યોજાવાની છે. ત્યારે ચુંટણી પહેલા પંચમહાલ જિલ્લા જીસ્ટ્રારની કચેરી દ્વારા અધિકૃત અધીકારીની નિમણૂક કરીને પ્રાથમીક મતદારી યાદી તા.૧૬ના રોજ પ્રસિદ્ધ કરી હતી. એપીએમસીની ચુંટણીની પ્રસિદ્ધ કરેલી પ્રાથમિક મતદાર યાદીમાં છબરડા હોવાના આક્ષેપો કરીને મંડળીઓના હોદ્દેદારો રજીસ્ટાર કચેરી પહોચીને હોબાળો મચાવ્યો હતો.

અધિકૃત અધીકારી ગુણવંતભાઈ મકવાણા મતદાર યાદી ભુલ ભરેલી હોવાનુ સ્વીકારીને નવેસરથી પ્રાથમિક મતદારી બનાવામાં આવશે તેમ જણાવ્યું હતું. પરંતુ મતદાર યાદીમાં વ્હાલાદવલાની નીતી અપનાવીને અગાઉ મંડળીઓને મતદાર યાદીમાં સમાવેશ કરવા અરજી આપી હતી. તેવી અરજીઓનેઅરજીએ આપી હતી તેવી અરજીઓને નંજર અંદાજ કરીને પ્રાથમીક મતદાર યાદી પ્રસિધ્ધ કરતાં રાજય નિયામક સુધી ફરીયાદો પહોચી હતી.

રાજયના પીએમસી નિયામકે મતદારી યાદી ભુલો વાળી પ્રસિધ્ધ કરનાર જિલ્લા રજીસ્ટારનો અધિકૃત અધીકારી ગુણવંતભાઈ મકવાણાને તાત્કાલીક ચુંટણીના અધિકૃત અધીકારીનો ચાર્જ લઈને અન્ય અધિકારીની નિમણૂક કરવામાં આવી છે.

તેમજ પીએમસીની ચુંટણીની પ્રાથમીક મતદાર યાદી છબરડાંવાળી પ્રસિધ્ધ કરનાર અધિકૃત અધિકારી મકવાણા સામે નિયમાનુસાર તપાસના હુકમો કરવામાં આવ્યા છે. નિયામકે અધિકૃત અધીકારી પાસેથી ચાર્જ લઈને અન્ય કર્મીને ચાર્જ સોપીને છબરડા કરનાર અધિકારી સામે તપાસના હુકમો હવે નવા અધિકૃત અધીકારીની નીમણૂક કરતાં ભુલ ભરેલી મતદાર યાદીમાં સુધારો કરવામાં આવશે.

## કાલોલના સણસોલી ગામે મારી પત્ની સાથે ઈન્સ્ટાગ્રામ ઉપર વાતો કરે છે તેમ કહી મારમારતાં ફરિયાદ

કાલોલ,

કાલોલ તાલુકાના સણસોલી ગામે રહેતા ફરિયાદને આરોપીઓએ તું મારી પત્ની સાથે ઈન્સ્ટાગ્રામ મેસેજથી વાાતો કરે છે. તેમ કહી ત્રણ આરોપીઓને મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના સણસોલી ગામે રહેતા સચિન રાજેશકુમાર રાઠોડને ૧૮ માર્ચના રોજ ગામમાં રહેતા દિપક મહંત એ તું મારી પત્ની સાથે ઈન્સ્ટાગ્રામ મેસેજથી કેમ વાતો કરે છે. તેમ કહી સચિનભાઈને પક્ડી રાખી ગાળો આપી મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
દલસીંગભાઈ મુળજીભાઈ ગોદીયા
તરફથી અભીનંદન....
મુ. કાળીયારાઈ-ફુકાન ફળીયું,
તા. લીમખેડા,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
પ્રદિપભાઈ વીરસીંગભાઈ ગોદીયા
તરફથી અભીનંદન....
મુ. કાળીયારાઈ-ફુકાન ફળીયું, તા. લીમખેડા,
જી. દાહોદ